સુવિચાર

મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યકિતનો ઠપકો સાંભળવો ફાયદાકારક છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



આજી જીઆઈડીસીના કારખાનામાં દારૂ-જુગારની મહેફીલમાં થોરાળા પોલીસ ત્રાટકીઃ લાખેણો વહીવટ...? P-4

Year-16, Issue-100 ■ DATE : 02-08-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત રશિયા પાસેથી ક્રુડ ખરીદવાનં બંધ નહીં કરે

### ટેરીફ યુધ્ધ વચ્ચે ભારતની સ્પષ્ટ વાતઃ ક્રુડ ખરીદવાનું બંધ કર્યાના રિપોર્ટ ફગાવ્યાઃ ક્રુડની ખરીદી વૈશ્વિક સપ્લાય - કિંમત મુજબ થતી હોવાની ભારતે કરી સ્પષ્ટતા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત પર ૨૫ ટકાના ટેરિફ તથા પેનલ્ટી લાગુ કરવાના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એલાન વચ્ચે ભારતે રશિયા પાસેથી ક્રુડ ખરીદવાનુ બંધ કર્યાના રિપોર્ટ ફગાવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું કે ભારત રશિયા પાસેથી ક્રુડ ખરીદવાનું જારી જ રાખશે. રશિયા પાસેથી ખરીદીનો નિર્ણય કિંમત ગુણવતા, પરિવહન પાસ, તથા અન્ય આર્થિક કારણોના આધારે લેવામાં આવતો હોય છે.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પને ભારત સાથેનો વ્યાપારીક વ્યવહાર પસંદ નથી અને તે બંધ કરાવવા દબાણ કરે છે. આ જ કારણોસર ભારત પર ૨૫ ટકા ટેરિફ ઉપરાંત પેનલ્ટીનુ એલાન કર્યુ હતુ.

ભારતીય તેલ કંપનીઓએ રશિયા પાસેથી ક્રુડની ખરીદી બંધ કર્યાના રિપોર્ટ વ્હેતા થયા હતા. પરંતુ સરકારી સૂત્રોએ તે ફગાવીને એવો સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે આર્થિક પાસાઓના આધારે ખરીદીનો નિર્ણય લેવાય છે. કોઈ દબાણ કામ આવતુ નથી.

આ પુર્વે ટ્રમ્પે ગઈકાલે એમ કહ્યું કે ભારતે રશિયા પાસેથી ક્રુડની ખરીદી બંધ કર્યાની વાત છે. પરંતુ સાચી વાતની મને ખબર નથી. ભારતે વાસ્તવમાં રશિયન ક્રુડની ખરીદી બંધ કરી હોય તો ઘણી સારી વાત છે. સતાવાર રીતે મને ખબર ન હોવાથી કાંઈ સ્પષ્ટ રીતે કહી ન શકુ.

ભારતના વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે એમ કહ્યું કે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રુડની સપ્લાય, કિંમત તથા વૈશ્વિક સ્થિતિના આધારે ખરીદી થતી હોય છે. રશિયા પાસેથી ક્રુડની ખરીદી ન કરવાના નિર્ણયની મને ખબર નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ક્રુડતેલના ઉત્પાદનમાં સમગ્ર દુનિયામાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. દરરોજ ૯૫ લાખ બેરલ ક્રુડનું ઉત્પાદન કરે છે જે વૈશ્વિક માંગના ૧૦ ટકા થવા જાય છે. આ જ રીતે રશિયા બીજા બંનરનો ક્રુડ નિકાસકાર દેશ છે.

## અમેરિકાનો મુકાબલો કરવા અમારી પાસે પુરતી અણુ સબમરીનો છેઃ રશિયા

**મુખ્ય સમાચાર, મોસ્કો**

અમેરિકા અને રશિયા વચ્ચે યુક્રેન યુદ્ધ મુદે સતત વધતા જતા તનાવમાં હવે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાની નજીક બે અણુ સબમરીન તૈનાત કરવા આપેલા આદેશનો જવાબ આપતા રશિયાએ કહ્યું કે અમેરિકાનો મુકાબલો કરવા અમારી પાસે પુરતી અણુ સબમરીનો છે.

ટ્રમ્પે એમ કહીને આ ક્ષેત્રમાં અણુ સબમરીન ગોઠવવા આદેશ આપ્યો હતો કે જયાં રશિયા તે આંતરરાષ્ટ્રીય જળસીમા પર પોતાનો પ્રભાવ જમાવવા માંગે છે. ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર આ આદેશ આપતા લખ્યુ હતું કે રશિયાના પુર્વ રાષ્ટ્રપતિ ડીમીટ્રી મેદવેદેવનું નિવેદન અત્યંત ઉશ્કેરણીજનક છે. તેથી અમેરિકાએ આ પગલુ ભરવુ પડશે તેમ કહીને શીત યુદ્ધ સમયે જે રીતે અમેરિકા અને રશિયા એકબીજા સામે અણુશસ્ત્રો ગોઠવતા હતા તે જ પ્રમાણે આ સબમરીનો તૈનાત કરવા આદેશ આપ્યો છે. આ અગાઉ રશિયાના પુર્વ રાષ્ટ્રપતિએ તેમના દેશની ઈકોનોમીને ડેડ ઈકોનોમી તરીકે ગણાવવાના ટ્રમ્પના નિવેદનની મજાક ઉડાવી હતી. જણાવ્યું હતું કે, ટ્રમ્પ ગમે તે કહે પણ અમારી પાસે તેનો મુકાબલો કરવા પુરતી સબમરીનો છે અને અમે તે માટે તૈયાર છીએ.

## કેન્દ્રીયમંત્રી મનોહરલાલ ખટ્ટર ઉપરાષ્ટ્રપતિપદના પ્રબળ દાવેદાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજધાની દિલ્હીના રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો દોર ચાલી રહ્યો છે કે કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના વરિષ્ઠ નેતા મનોહર લાલ ખટ્ટર ભારતના ઉપરાષ્ટ્રપતિ અથવા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદના મુખ્ય દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. રાજકીય વિશ્લેષકો અને પાર્ટીના આંતરિક સૂત્રો અનુસાર, ખટ્ટરની લાંબા સમયની સંગઠનાત્મક કુશળતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથેના નજીકના સંબંધોને કારણે તેમનું નામ આ બંને મહત્વપૂર્ણ પદો માટે ચર્ચામાં છે. મનોહર લાલ ખટ્ટર, જેઓ હાલમાં કેન્દ્રીય ઊર્જા અને શહેરી વિકાસ મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે, તેઓ ૨૦૧૪થી ૨૦૨૪, ૧૦ વર્ષ સુધી, હરિયાણાના મુખ્યમંત્રી રહ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે રાજ્યમાં પારદર્શક ભરતી નીતિ, બેટી બચાવો-બેટી પઢાવો યોજના અને હરસમય પોર્ટલ જેવી નોંધપાત્ર યોજનાઓ દ્વારા લોકોનો વિશ્વાસ જીત્યો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, તેમણે કરનાલ બેઠક પરથી કોંગ્રેસના દિવ્યાંશુ બુધિરાજાને ૨.૩૫ લાખ મતોની વિશાળ બહુમતીથી હરાવીને સાંસદ તરીકે ચૂંટાયા હતા. શ્રી ખટ્ટરે ગયા મહિને એક ઈન્ટરવ્યૂમાં ઉપરાષ્ટ્રપતિ કે ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષના પદ વિશેના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું, ''હું કોઈ પદની પસંદગી નથી કરતો. મને જે પણ જવાબદારી સોંપવામાં આવે, હું તે મુજબ કામ કરું છું.'' આ નિવેદન તેમની નમ્ર અને સમર્પિત રાજકીય શૈલીને દર્શાવે છે, જે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)માં તેમના ૧૭ વર્ષના પ્રચારક તરીકેના અનુભવ અને ભાજપમાં ૨૦૦૦-૨૦૧૪ દરમિયાન હરિયાણાના સંગઠન મહામંત્રી તરીકેની ભૂમિકામાંથી પ્રતિબિંબિત થાય છે. આ ચર્ચાઓનું કારણ ભાજપના આંતરિક ફેરબદલ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરના અચાનક રાજીનામા પછી રાજકીય ગતિશીલતામાં ફેરફાર ગણાવવામાં આવે છે.

એનડીટીવીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ધનખરના રાજીનામા પાછળ સરકારની નારાજગી હતી, કારણ કે તેમણે વિપક્ષના ઈમ્પીચમેન્ટ પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. આ સંદર્ભમાં ખટ્ટરનું નામ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચર્ચામાં આવ્યું છે, જેમાં તેમની આરએસએસની પૃષ્ઠભૂમિ અને પાર્ટીના મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા મહત્વની ભૂમિકા ભજવે છે.

બીજી તરફ, ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે પણ ખટ્ટરનું નામ ચર્ચામાં છે, કારણ કે પાર્ટી ઉત્તર પ્રદેશમાં પોતાનો આધાર મજબૂત કરવા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મળેલી આંચકા બાદ નવું નેતૃત્વ લાવવા માંગે છે. ખટ્ટરની વ્યૂહાત્મક નેતૃત્વ કુશળતા અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં ભાજપની સફળતા માટે તેમનું યોગદાન તેમને આ પદ માટે મજબૂત દાવેદાર બનાવે છે. જોકે, આ બંને પદો માટેની ચર્ચાઓ હજુ પ્રારંભિક તબક્કામાં છે, અને અંતિમ નિર્ણય ભાજપના ઉચ્ચ નેતૃત્વ અને વડાપ્રધાન મોદીના હાથમાં છે. રાજકીય વિશ્લેષકો માને છે કે ખટ્ટરની સાદગી, સમર્પણ અને આરએસએસ સાથેના ઊંડા જોડાણને કારણે તેઓ આ બંનેમાંથી કોઈ એક પદ માટે યોગ્ય ઉમેદવાર હોઈ શકે છે.

## મહાદેવના આશીર્વાદથી દીકરીઓના સિંદૂરનો બદલો લીધોઃ વડાપ્રધાન મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદૂર પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વાર તેમના મત વિસ્તાર વારાણસી પહોંચ્યા છે. જ્યાં તેમણે સેવાપુરીના બનૌલી ગામમાં ૨૧૮૩.૪૫ કરોડ રૂપિયાના ૫૨ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન અને શિલાન્યાસ કર્યું અને ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિનો ૨૦માં હપ્તાની જાહેરાત કરી. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ જાહેર સભાને સંબોધતા કહ્યું કે, 'મારી દીકરીઓના સિંદૂરનો બદલો લેવાનું મેં જે વચન આપ્યું હતું તે પણ પૂર્ણ થયું છે. જે મહાદેવના આશીર્વાદથી જ પૂર્ણ થયું.'



સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર પછી આજે હું પહેલી વાર કાશી આવ્યો છું. ૨૨મી એપ્રિલે પહલગામમાં આતંકી હુમલો થયો હતો, ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી હતી. તેમના પરિવ-ારોની પીડા, તે બાળકોની પીડા, દીકરીઓની પીડા, મારું હૃદય ખૂબ જ પીડામાંથી પસાર થયું હતું. ત્યારે હું બાબા વિશ્વનાથને પ્રાર્થના કરી રહ્યો હતો કે તે બધા પીડિત પરિવારોને આ પીડા સહન કરવાની હિંમત આપે.'

ઓપરેશન સિંદૂર અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'મારી દીકરીઓના સિંદૂરનો બદલો લેવાનું મેં જે વચન આપ્યું હતું તે પણ પૂર્ણ થયું. મહાદેવના આશીર્વાદથી જ આ શક્યું બન્યું. હું ઓપરેશન સિંદૂરની સફળતા તેમના ચરણોમાં સમર્પિત કરું છું.'

કોંગ્રેસ પર પ્રહાર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'ઓપરેશન સિંદૂરની સફળતાથી દેશના કેટલાક લોકોના પેટમાં દુખાવો થઈ રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી અને તેના લોકો એ હકીકતને પચાવી શકતા નથી કે ભારતે આતંકીઓના ઠેકાણાઓનો નાશ કર્યો છે. કોંગ્રેસે ઓપરેશન સિંદૂરને દેખાડો ( તમાશા ) ગણાવ્યું, વાસ્તવિકતા એ છે કે કોંગ્રેસ આતંકીની હાલત જોઈને રડે છે. તમે મને કહો કે શું સિંદૂર ક્યારેય દેખાડો હોઈ શકે છે? શું કોઈ સિંદૂરને દેખાડો કહી શકે? શું આતંકીઓને મારવા માટે પણ રાહ જોવી જોઈએ? શું મારે આતંકીઓને ઠાર કરવા માટે સપાને બોલાવવા જોઈએ?'

વડાપ્રધાન મોદીએ કાશીમાં ૨૨૦૦ કરોડ રૂપિયાના ૫૨ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન કર્યું હતું. તેમણે દેશભરના ૯.૭ કરોડથી વધુ ખેડૂતો માટે સન્માન નિધિ (૨૦ હજાર ૫૦૦ કરોડ રૂપિયા)ના ૨૦મા હપ્તાની પણ જાહેરાત કરી. આ ઉપરાંત દાળ મંડી પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બનૌલીમાં જાહેર સભા સ્થળે તેમનું સ્વાગત કર્યું હતું. સીએમ યોગીએ કહ્યું, 'ઓપરેશન સિંદૂરની સફળતા પછી વડાપ્રધાન મોદી કાશી પહોંચ્યા છે. આ નવું ભારત દુશ્મનના ઘરમાં ઘૂસીને આતંકવાદીઓને ખતમ કરવાનું કામ કરે છે.'

## પહેલગામ હુમલાનો ચોથો ત્રાસવાદી ઠાર



**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામ હુમલા બાદ ત્રાસવાદીઓ સામે એક બાદ એક મહત્વપૂર્ણ ઓપરેશનમાં સેનાએ ઓપરેશન અખલમાં પહેલગામ હુમલાખોરના વધુ એક સાથીદારને ઠાર માર્યા છે અને હજું એક ને ઘેરાયો છે.

હાલમાં જ ઓપરેશન મહાદેવમાં પહેલગામ હુમલા સાથે જોડાયેલા ત્રણ ખુંખાર ત્રાસવાદીઓને પહેલગામ-સ્ટાઈલથી માથામાં ગોળી મારીને ઠાર મરાયા બાદ વધુ એક ઓપરેશન શિવશક્તિમાં બે ત્રાસવ-ાદીઓને ખત્મ કરાયા હતા અને હવે ઓપરેશન અખલ છેડવામાં આવ્યુ છે.

રાજયના કુલગાવમાં અખલ ક્ષેત્રમાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી પરથી ત્રાસવાદીઓને ઘેરી લેવાયા હતા. જેમાં એકને ઠાર મરાયો છે. ત્રાસવાદીઓ અહી દાયીગામ નેશનલ પાર્કમાં ઘુસ્યા હતા.

અગાઉ આ જ સ્થળ પર પહેલગામ હુમલા સાથે જોડાયેલા ત્રણ ત્રાસવાદીઓને ઠાર મરાયા હતા. સલામતી દળના જણાવ્યા મુજબ કુલ પાંચ ત્રાસવાદી આ ક્ષેત્રમાં ઘુસ્યા હતા. જેમાં ઓપરેશન મહાદેવમાં ત્રણ ત્રાસવાદી ઠાર મરાયા છે. બાદમાં આજે ઓપરેશન અખલમાં વધુ એકને ઠાર મરાયો છે અને હવે તેના અંતિમ સાથીદારને પણ ઘેરી લેવાયો છે. જેને ગમે તે સમયે ઠાર મરાશે.

આ બન્ને ત્રાસવાદી પહેલગામ હુમલા સાથે સંકળાયેલા અને ઠાર મરાયેલા ત્રણ ત્રાસવાદીઓના સાથીજ હોવાનું માનવામાં આવે છે. આમ આ આખરી ત્રાસવાદીના ખાત્મા સાથે પહેલગામ હુમલામાં ત્રાસવાદીઓ સાથે બદલો પુરો થઈ જશે. અગાઉ સલામતી દળોએ તેમના છુપાવવાના સ્થળેથી ૧૭ ગ્રેનેડ, એક એમ-ફોર કાર્બાઈન અને એકે-૪૭ રાઈફલ પણ કબ્જે કરી હતી.

## અસલામત માર્ગો માટે સરકારને જ જવાબદાર ઠેરવતી સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ચોમાસા સહિતના સમયે તૂટેલા માર્ગો અને અચાનક જ તૂટી પડતા પુલોથી સર્જાતી દુર્ઘટનાઓ એ ખૂબજ સામાન્ય થઈ ગઈ છે અને માર્ગ બાંધકામની ખરાબ ગુણવતા-ભ્રષ્ટાચાર વિ.થી આ સ્થિતિ બની છે તેવા લોકઆક્રોશનો પડઘો પાડતા સુપ્રીમકોર્ટે સલામત-સારી રીતે સંભાળ લેવાતા અને વાહનો પણ સરળતાથી હંકારી શકાય તેવા માર્ગોએ દેશના લોકો માટે જીવનના બંધારણની કલમ ૨૧ હેઠળ અધિકાર હેઠળ જે મૂળભૂત અધિકાર અપાયા છે તેનો જ એક ભાગ હોવાનું જાહેર કરી સરકારોનો કાન ખેચી તેમની ફરજોની યાદ અપાવી હતી.

તે માટે અસલામત માર્ગો માટે સરકાર જ જવાબદાર હોવાનું ઠેરવ્યુ છે. સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે સલામત જાહેર માળખાકીય સુવિધાઓ ખાસ કરીને માર્ગો જે તેના આવાગમન-આર્થિક ઉપાર્જન અને તથા સન્માન પુર્વકના જીવન માટે મહત્વના છે.

સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ જે.બી.પારડીવાલા અને ન્યાયમૂર્તિ મહાદેવનની બનેલ ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે માર્ગ બાંધકામ અને તેની જાળવણી એ સરકારની ફરજ છે અને તે જવાબદારી લોકોની સલામતી જોખમાય તે રીતે ભુલાવી કે અન્ય પર ઢોળી શકાય નહી.

સુપ્રીમકોર્ટે જણાવ્યું કે જો કોઈ ખાસ નિયંત્રણ ન હોય તો લોકોને દેશના કોઈપણ ભાગમાં જવાની સ્વતંત્રતા છે અને તે બંધારણની કલમ ૧૯(૧)(જી) હેઠળનાં મૂળભૂત અધિકાર પણ છે અને તેથી એ સરકારની ફરજ બને છે કે યોગ્ય માર્ગો તૈયાર કરી તેની જાળવણી તેના અંકુશ હેઠળ જ થાય તે જરૂરી છે.

## ભારત માટે આનંદના સમાચારઃ ડીઝલ, ઉડ્ડયન ઈંધણ અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોને ટ્રમ્પે આપી રાહત

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર સંબંધોમાં તણાવ વચ્ચે, એક મોટી રાહતના સમાચાર બહાર આવ્યા છે. જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટેરિફ (આયાત ડ્યુટી) લાદવાની જાહેરાત કરી છે, ત્યારે તેમણે ડીઝલ, ઉડ્ડયન ઈંધણ અને કેટલાક અન્ય મહત્વપૂર્ણ પેટ્રોલિયમ ઉત્પાદનોને તેમાંથી મુક્તિ આપી છે. આનાથી અમેરિકાને ઈંધણ નિકાસ કરતી કંપનીઓને મોટી રાહત મળી છે. આ તણાવ વચ્ચે, એક મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા થવા જઈ રહી છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દક્ષિણ એશિયા બાબતોના સૌથી વરિષ્ઠ સલાહકાર રિકી ગિલ આવતા અઠવાડિયે ભારત આવી રહ્યા છે. પરંતુ ચિત્ર હજુ સુધી સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયા સાથે ભારતના ઉર્જા અને સંરક્ષણ



વેપાર પર 'દંડ' લાદવાની વાત કરી હતી, પરંતુ આ દંડ ક્યારે અને કેવી રીતે લાદવામાં આવશે - તે હજુ પણ એક રહસ્ય છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક પ્રેસ કોન્ફરન્સમાં ભારતની વર્તમાન વેપાર નીતિઓ પર ચિતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ભારત પર ૨૫% ટેરિફ લાદવામાં આવશે. તે જ સમયે, તેમણે એમ પણ ઉમેર્યું હતું કે રશિયા સાથે ભારતના વ્યૂહાત્મક સંબંધો પર પણ ટૂંક સમયમાં કેટલાક કડક પગલાં લેવામાં આવી શકે છે. પરંતુ જ્યારે તેમના દ્વારા હસ્તાક્ષર કરાયેલ એક્ઝિક્યુટિવ ઓર્ડર બહાર આવ્યો, ત્યારે તેમાં અમેરિકા આવતા કેટલાક ભારતીય માલ પર ફક્ત ૨૫% ડ્યુટી વિશે વાત કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે ડીઝલ, રિફાઈન્ડ ઈંધણ, ક્રૂડ તેલ, એલએનજી, વીજળી અને કોલસા જેવા પેટ્રોલિયમ ઉત્પાદનોને મુક્તિની યાદીમાં રાખવામાં આવ્યા હતા. એટલું જ નહીં, દવાઓ, ઈલેક્ટ્રોનિક્સ અને સ્માર્ટફોન પણ આ યાદીમાં છે.

સરકારી ડેટા અનુસાર, ભારતે ૨૦૨૪-૨૫માં અમેરિકામાં લગભગ ૪૮.૬ લાખ ટન પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરી હતી, જેનું મૂલ્ય ૪ બિલિયનથી વધુ હતું. નિષ્ણાતો કહે છે કે આ છૂટને કારણે, ભારતમાંથી અમેરિકામાં ઈંધણ નિકાસ પહેલાની જેમ ચાલુ રહેશે. અમેરિકામાં ભારતની હાજરી જળવાઈ રહેશે, જેના કારણે ઉર્જા ક્ષેત્રની મોટી કંપનીઓને કોઈ નુકસાન નહીં થાય.

## એકસીસ મ્યુચ્યુઅલ ફંડના કરોડોના ફ્રંટ રનીંગ કૌભાંડમાં ઈડીના દરોડા




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કસીસ મ્યુચ્યુઅલ ફંડના ફ્રંટ રનીંગ કેસમાં એનફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી)એ ભાવનગર, ભુજ, અમદાવાદ, સહીત દેશનાં અનેક શહેરોમાં દરોડા કાર્યવાહી હાથ ધરી છે.

શેરબજારમાં એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગ્રાહકોના પેન્ડીંગ ઓર્ડરોને ધ્યાને રાખીને આચરાયેલા આ કૌભાંડમાં એકસીસ મ્યુચ્યુઅલ ફંડના પૂર્વ ફંડ મેનેજર ચીફ ટ્રેડર વિરેશ જોશી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેના આધારે દિલ્હી, અમદાવાદ, ભાવનગર, ભૂજ, ગુડગાવ, કોલકતા તથા લુધીયાણામાં દરોડા કાર્યવાહર હાથ ધરવામાં આવી હતી.

ઈડી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એકટ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૦૧૮ થી ૨૦૨૧ ના ગાળામાં આ કૌભાંડ થયુ હતું અને પ્રિવેન્શન ૨૦૨૪ માં મુંબઈ પોલીસમાં દાખલ ગુના અંતર્ગત દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એફઆઈઆર મુજબ વિરેશ જોશીના કદમાંથી બે લાખ કરોડનું એસેટ મેનેજમેન્ટ ધરાવતાં એકસીસ મ્યુચ્યુઅલ ફંડના ઈન્વેસ્ટરોને નુકશાન થયુ હતું.

તપાસમાં એવુ બહાર આવ્યું હતું કે વિરેશ જોશીએ દુબઈ સ્થિત ટર્મીનલ મારફત વિવિધ ખાતાઓને ઉપયોગ કર્યો હતો. અન્ય બ્રોકરો-ટ્રેડરોની ભુમિકા પણ બહાર આવી હતી. અત્યાર સુધીમાં કૌભાંડનો આંકડો ૨૦૦ કરોડનો અંદાજવામાં આવ્યો છે જે હજુ ઘણો મોટો થવાની આશંકા છે.

સિક્યોરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) દ્વારા શોધી કાઢવામાં આવેલા પમ્પ એન્ડ ડમ્પ કૌભાંડ થકી ૧૫૦૦ કરોડની નાણાકીય હેરફેર કરનાર ભાવનગરના શખ્સના નિવાસ્થાને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈ.ડી.) દ્વારા પોલીસ પ્રોટેકશન સાથે દરોડા પાડવામાં આવ્યા છે.

જાણવા મળતી વિગતો મુજબ જુલાઈ ૨૦૨૩માં ૧૫૦૦ કરોડના એસ.એમ.એસ. સ્ટોક ટીપ કૌભાંડના માસ્ટર માઈન્ડ ભાવનગરના હનીફ કાસમભાઈ શેખ ઉર્ફે ખાટકીની અગાઉ સેબી દ્વારા પણ તપાસ કરવામાં આવી હતી. સેબીની તપાસમાં કરોડો રૂપિયાના કૌભાંડની વિગતો ખુલતા અને કૌભાંડના નાણા વિદેશમાં પણ ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાની શંકાના આધારે ઈ.ડી. દ્વારા હનીફ શેખના ભાવનગરના જૂની અજય ટોકીઝ નજીકના નિવાસ્થાને ગઈકાલે બપોરે કાર્યવાહી માટે ગયા હતા, પરંતુ હનીફનું ઘર બંધ હતુ.

## હિમાચલ, ઉતરાખંડ, રાજસ્થાન સહિતના રાજયોમાં મેઘતાંડવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત જેવા રાજયોમાં વરસાદી બ્રેક છતાં હિમાચલ, ઉતરાખંડ, રાજસ્થાન જેવા રાજયો મેઘતાંડવથી ધમરોળાતા રહ્યા છે અને આફતની હાલત સર્જાઈ હતી. હિમાચલમાં એક જ દિવસમાં ત્રણ સ્થળોએ વાદળ ફાટતા તબાહી મચી છે. રાજસ્થાનમાં ભારે વરસાદથી ૧૬ જીલ્લાઓમાં શૈક્ષણિક કાર્ય રોકી દેવામાં આવ્યુ છે.

હિમાચલ પ્રદેશની લાહૌલ ખીણમાં ત્રણ સ્થળોએ વાદળ ફાટયા હતા. સવારે ટીંડી નજીક વાદળ ફાટતા પુર સ્થિતિ સર્જાઈ હતી અને અનેક વાહનો તણાઈ ગયા હતા. માર્ગ પણ બંધ થયા હતા. આ સિવાય યાંગલા ખીણમાં વાદળ ફાટવાને પગલે અનરાધાર વરસાદથી લોકોના જીવ બચાવવા સ્થળાંતર કરાવાયુ



હતુ.

આ પછી શુક્રવારમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. સમગ્ર રાજયમાં મેઘતાંડવની સ્થિતિ હતી. માલ મિલ્કતને ભારે નુકશાન થયુ હતું. મકાન જમીનદોસ્ત થતા એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા હતા.

ભારે વરસાદ ઉપરાંત ઠેકઠેકાણે ભૂસ્ખલન થયા હતા. મંડીમાં પંડોહ ડેમ નજીક પર્વતીય કાટમાળ ખાબકતા ચંદીગઢ-મનાલી હાઈવે બંધ કરાયો હતો. અમુક વાહનોને પણ નુકશાન થયુ હતુ. રાજયમાં ૨૯૧ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા. ૪૧૬ વિજ ટ્રાન્સફોર્મર તથા ૨૧૯ પાણી યોજનાઓ પણ ઠપ્પ થઈ હતી.

હિમાચલના તમામ ભાગોમાં અઢી ઈંચ સુધી ભારે વરસાદ થયો હતો. રાજયમાં છેલ્લા સવા મહિનામાં ૧૬૨૬ કરોડનુ નુકશાન હતું. ૯૫ લોકોના મોત થયા હતા અને ૩૬ લાપતા છે. ૧૪૭૨ મકાનો ધરાશાયી અથવા આંશિક ક્ષતિગ્રસ્ત થયા છે.

સિઝનમાં અત્યાર સુધીમાં પુરના ૪૪, વાદળ ફાટવાના ૧૭ તથા ભૂસ્ખલનના ૪૦ બનાવો બન્યા છે. રાજયમાં હજુ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

બીજી તરફ ઉતરાખંડ તથા રાજસ્થાનમાં પણ વરસાદે કાળો કહેર સર્જયો હતો.

# પાટણવાવમાં જીવજંતુનો આતંક હોવાથી ગ્રામજનોમાં ભય ફેલાયો: તંત્ર દ્વારા રૂબરૂ મુલાકાત કરી તપાસ શરૂ કરી

### ત્રણ દિવસ પહેલા એક પ્રોઢને આવું કઈક જંતુ અગાઉ કરડ્યું હોઈ તેમનું મોત થયાનું સ્થાનિકોએ જણાવ્યુ





**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ - વિજય રાડીયા**

ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે કોઈ ઝેરી જંતુ કરડી જતું હોવાની ગામલોકોની ફરિયાદને લઈ તાલુકા હેલ્થ ઓફિસરની ટિમ રાજકોટ આરોગ્ય શાખાની ટિમ પાટણવાવ ખાતે દોડી ગયેલ ત્યારે પાટણવાવ ખાતે છેલ્લા છ મહિના થયા કોઈને નજરમા નો આવતું ઝેરી જંતુ કરડી ગયેલ હોવાથી હાલત કફોડી બની ગય છે.

પાટણવાવ ગામે ઝેરી જંતુ પગમા કરડતું હોઈ અને ત્યાર બાદ કલાક બાદ પગમા દુખાવો થાય છે ત્યાર બાદ પગમા ફોલા પડી જાય છે જે ધીરે-ધીરે પગમા આખામા પ્રસરે છે અને શરીરના અભિન અંગ કિડની સુધી પહોંચી જાય છે ત્યારે ગામમા ૧૯ તારીખના રોજ બે વ્યક્તિને ઝેરી અજ્ઞાત જંતુ કરડી જતા પગમા દુખાવો શરૂ થયેલ અને તયાર બાદ ત્રણ કલાક બાદ આખા પગમા ફોલા સાથે રસી નીકળવાનું ચાલુ થઈ જતા ઉપલેટા સારવાર અર્થ ખસેડાયેલ હતા ત્યારે ગામમા આ પ્રકારના જંતુ લઈને લોકોમા ભય ફેલાયો છે.

પાટણવાવ ગામના સ્થાનિક દ્વારા જિલ્લા પંચાયત સદસ્ય વિરલ પનારાને જાણ કરતા તાત્કાલિક તાલુકા હેલ્થ ઓફિસરને જાણ કરતા પાટણવાવ ખાતે પહોંચી તપાસ હાથ ધરેલ અને રાજકોટ આરોગ્ય શાખાને જાણ કરતા મેડિકલ ઓફિસરની ટિમ પાટણવાવ ખાતે પહોંચી દર્દીઓને ચેક કરેલ અને પીરવાડી વિસ્તારની આજુબાજુ ચેકીંગ હાથ ધરેલ અને દવા છટકાવ કરેલ હતું.

ત્રણ દિવસ પહેલા નીતિન પેથાણી નામના પ્રોઢને આવું કઈક જંતુ અગાઉ કરડ્યું હોઈ તેમનું મોત થયાનું સ્થાનિકોએ જણાવ્યુ છે ત્યારે હાલ પાટણવાવ ગામમા જાન્યુઆરી મહિનામા પ્રથમ આવું કોઈ જંતુ કરડવાનો બનાવ આવેલ અને તયાર બાદ અત્યાર સુધીમાં પાંચેક લોકોને આં ઝેરી જંતુ કરડ્યું હોવાનું ગામ લોકોએ જણાવેલ છેતીરે હાલ પાટણવાવના પીરવાડી વિસ્તારમા છેલ્લા ૬ મહિના થયા આં ઝેરી જંતુ કરડવાના બનાવ સામે આવેલ જેમાં બે કેસ અઠવાડિયામા બનેલ હોવાનું સામે આવેલ છે.

મેડિકલ ઓફિસરના જણાવીયા મુજબ બચુ ભાઈ ભીમાણી નામના પ્રોઢને રાજકોટ સરકારી હોસ્પિટલમા સર્જરી વિભાગમા તપાસ અર્થ મોકલેલ હોઈ જેમાં અઠવાડિયા બાદ રિપોર્ટ આવ્યા પછી સમગ્ર માહિતી આવી શકે સામે આવી શકે છે ત્યારે એક દર્દીને રાજકોટ ખાતે મોકલેલ છે અને અહીમાં ક્યો બેક્ટરીયા છે તે આગામી રિપોર્ટ બાદ ખબર પડે તેમ છે તેવું જણાવ્યુ છે.

ડિસેમ્બર-જાન્યુઆરીમા એક વ્યક્તિને જંતુ કરડ્યું હતું અને તેમનું મોત નીપજેલ છે તેવી બાબતે આ બનાવ સાથે હોઈ શકે છે જેથી આં જંતુ પગમા કરડે છે અને કરડવાથી ચાર કલાકમા સોજો આવી જાય છે અને ૨૪ કલાકમા આખા પગમા ફેલાય જાય છે અને બાદમાં તેમની અસર કિડની ઉપર થાય છે તે બાબ- તમાં હાલ દર્દીઓના સેમ્પલો લીધા અને એક દર્દી રાજકોટ ખાતે મેડિકલ ટિમ તપાસી રહી હોઈ રિપોર્ટ બાદ સમગ્ર વિગત બહાર આવી શકે છે.

પાટણવાવ ખાતે ઝેરી જંતુ કરડવાના પાંચ કેસને ધ્યાનમા લઈ તાલુકા હેલ્થ ઓફિસર રાજકોટ આરોગ્ય શાખાની ટિમ, પશુપાલન વિભાગ, ફોરેસ્ટ વિભાગ, એન્ટોમોલોજીસ્ટ વિભાગ, મલેરિયા એક્સપર્ટ ટિમના પાટણવાવ ખાતે સમગ્ર વિસ્તારમા ચેકીંગ હાથ ધરી રહ્યા છે ત્યારે પાટણવાવ ખાતે જે લોકોને જંતુ કરડ્યું છે તેમાં જાન્યુઆરી મહિનામા કરડેલ નીતિનભાઈ પેથાણી નામના દર્દીનું મોત થયું હોવાનું ગામ લોકો એ જણાવેલ છે ત્યારે વલ્લભભાઈ કનેરીયા, કેશુભાઈ પેથાણી, બચુભાઈ ભીમાણી હાલ સારવાર હેઠળ છે જેમાં બચુભાઈ ભીમાણીને રાજકોટ મેડિકલ તપાસ અર્થે સારવાર હેઠળ હોવાનું સામે આવ્યુ છે ત્યારે હાલ આરોગ્ય શાખા પાટણવાવ ખાતે ઝેરી જંતુને લઈ સતર્ક છે ત્યારે પીરવાડી વિસ્તારમા લોકો આશ્ચર્યમા છે અને આં જંતુને લઈ મુંઝાઈ રહ્યા છે.

# ગીર ગઢડા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા જુગારીઓને ઝડપી પાડતી ગીર ગઢડા પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**




ગીરગઢડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર યુ.બી.રાવલ નાઓની સૂચના મુજબ ગીરગઢડા પોલીસ સ્ટાફના માણસો ગીરગઢડા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રેટ્રોલીંગમાં ફરતા-ફરતા ગીરગઢડા ગામ બે નંબર બસ સ્ટોપ આગળ જાહેર રોડ ઉપર પહોંચતા સાથેનાં પો.હેડ.કોન્સ. જગદિભાઈ ગાંગાભાઈ સોસા તથા પો.કોન્સ. દિલીપસિંહ વીરાભાઈ વાહેર તથા હિતેશભાઈ અરશીભાઈ વાઘેલા નાઓને સંયુક્ત બાતમીરાહે હકીક્ત મળેલ કે, ગીરગઢડા ગામમાં કિષ્ના મંદિર પાછળ રહેતાં અશ્વિનકુમાર ઉર્ફે લખો હસમુખભાઈ સાગર ના રહેણાંક મકાનના આગળના ભાગે જાહેરમાં શેરીમાં અમુક ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના તથા પૈસા વડે હાર જીતનો રોન પોલીસ તીન પતી નામનો જુગાર રમે છે તેવી હકીકત મળતાં જે બાતમી હકિકત આધારે રેઈડ કરતાં પકડાયેલ મજકુર ઈસમો તથા જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડ રૂપિયા ૧૦,૪૧૦/- ના મુદામાલ સાથે પકડી પાડી ગણનાપાત્ર કેસ અંગેની સફળ રેઈડ કરવામાં આવેલ છે તે અંગે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ મુજબ ગુન્હો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આરોપી-- (૧) અશ્વિનકુમાર ઉર્ફે લખો હસમુખભાઈ સાગર, ઉ.વ.૪૫, ધંધો.સોનીકામ રહે. ગીરગઢડા ગામ કિષ્ના મંદિરની પાછળ તા. ગીરગઢડા (૨) મનુભાઈ ભગાભાઈ શિયાળ, ઉ.વ.૪૫, ધંધો. રી. ડ્રા. રહે. ગીરગઢડા ગામ નવાપરા વિસ્તાર તા.ગીરગઢડા જી.ગીર સોમનાથ (૩) તોકીરભાઈ હાજીભાઈ સમા, ઉ.વ.૨૬, ધંધો.મજુરી, રહે.ગીરગઢડા ગામ નવાપરા વિસ્તાર તા.ગીરગઢડા જી.ગીર સોમનાથ

(૪) નારણભાઈ ગોવિંદભાઈ ઠુમ્મર, ઉ.વ.૬૭, ધંધો. નિવૃત, રહે.મુળ કેશોદ દ્વારકાધીશ માર્કેટ પાછળ હાલ ગીરગઢડા ગામ જલારામ વાડીની સામે તા.ગીરગઢડા (૫) સલીમભાઇ વલીભાઇ પોપટપૈત્રા, ઉ.વ.૪૫, ધંધો મજુરી, રહે.ગીરગઢડા ગામ નવાપરા વિસ્તાર તા.ગીરગઢડા (૬) ઈકબાલભાઈ ઉંમરભાઈ સમા, ઉ.વ.૩૮, ધંધો.રી.ડ્રા., રહે.ગીરગઢડા ગામ સનવાવ રોડ હનુમાનપરા વિસ્તાર તા.ગીરગઢડા કબ્જે કરેલ પ્રોહિ મુદામાલ- ભારતીય દરની જુદા-જુદા દરની ચલણી નોટો રોકડ રૂપિયા ૧૦,૪૧૦/- તથા ગંજીપતાના પાના નંગ- ../-તથા પાથરણું નંગ-૦૧ કિ.રૂ.૦૦/- મળી એમ કુલ કી.રૂા. ૧૦,૪૧૦/- આરોપીઓને ઝડપી પાડ્યા છે.

# રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઈ રૂપાણીનો આજે જન્મદિવસ: ફોટો પ્રદર્શનમાં વિજયભાઈની તસવીરો નિહાળી પરિવાર ભાવુક બન્યો





### આજથી બે દિવસ માટે રાજકોટની શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલરી ખાતે તેમની દુર્લભ ૧૧૨ તસવીરનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ પ્લેન ક્રેસ દુર્ઘટનામાં અવસાન પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આજે ૬૯મો જન્મદિવસ છે. આજથી બે દિવસ માટે રાજકોટની શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલરી ખાતે તેમની અનદેખી ૧૧૧ તસવીરનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે, જેને નિહાળવા માટે આજે સ્વ. વિજયભાઈ રૂપાણીનાં પત્ની અંજલિબેન, પુત્ર ઋષભ, પુત્રવધૂ પહોંચ્યાં હતાં. અહીં વિજયભાઈની હસ્તી અને અલગ અંદાજ સાથેની તસવીરોને જોઈને પરિવારજનોનું હૈયું ભરાઈ ગયું હતું, જેમાં પુત્રવધૂ રડી પડી હતી. તો સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ આ તસવીરો નિહાળી તેમના વ્યક્તિત્વને યાદ કરી સ્વ.વિજયભાઈના અભિવ્યક્તિને વ્યક્ત કરવા માટેનું તસવીર પ્રદર્શન હોવાનું જણાવ્યું હતું.

રાજકોટના સિનિયર ફોટો-જર્નલિસ્ટ દેવેન અમરેલિયા દ્વારા વર્ષ ૨૦૦૪થી ૨૦૨૫ દરમિયાન સ્વ. વિજયભાઈના જીવનની જાણી-અજાણી, ચિત-પરિચિત, સુલભ-દુર્લભ ક્ષણોની અવિસ્મરણીય તસવીરો પોતાના કેમેરામાં કંડારવામાં આવી હતી, જે પૈકી ૧૧૧ તસવીરનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ દરેક તસવીરની નીચે એક લાઈનમાં ટેગલાઈન પણ આપવામાં આવી હતી. વિજયભાઈ રૂપાણીની આ તસવીર પ્રદર્શનમાં રૂપાણી પરિવારની હાજરી ભાવસભર બની ગઈ હતી. વિજયભાઈની અલગ-અલગ અંદાજ સાથેની તસવીરો જોઈને પરિવારના સભ્યો ભાવુક થયા હતા. તસવીર પ્રદર્શનમાં સંવેદના-સંવાદે પણ 'તસવીરોને સંગાથ' જોવા મળ્યો હતો.

સ્વ. વિજયભાઈની દીકરી રાધિકા રૂપાણીએ જણાવ્યું હતું કે આજે પપ્પાનો ૬૯મો જન્મદિવસ છે. આજે તેમની તસવીરોનું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ ક્ષણ અમારા માટે ગૌરવપૂર્ણ છે. લાક્ષણિક અદાઓની તેમજ સંસ્મરણોની તસવીરો અહીં મૂકવામાં આવી છે. હું બધા લોકોને કહેવા માગું છું કે આપ આવો અને આ તસવીરોને નિહાળીને મારા પિતાની યાદો તાજી કરો. બધી જ તસવીરો લાક્ષણિક અને ખૂબ યાદગાર છે. બધી તસવીરો ખૂબ સારી છે, પણ મને એક તસવીર ખૂબ ગમી છે, જે વિજય સરઘસ દરમિયાન લેવાયેલી છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે સ્વ. વિજયભાઈ અમારા આદરણીય નેતા, અમારા સાથી નેતાની આજે જન્મજયંતી છે. આજે પ્રથમ જન્મજયંતી છે, જેમાં તેઓ અમારી સાથે નથી અને આ વાતનો મને રંજ છે. જાહેર જીવનમાં નાનપણથી જ ખૂબ સંઘર્ષ કરી રાજ્યના મુખ્યમંત્રી સુધીની સફર તેમને પાર કરી, એના કારણે સમાજના વિવિધ વર્ગો અને વિવિધ વ્યક્તિઓના સંપર્કમાં વિશાળ રીતે આવ્યા હતા.

# જામનગરના યુવકને ઓવરસ્પીડનો વટ પડ્યો ભારે, રીલ બનાવનારની સાયબર ક્રાઈમે કરી અટકાયત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સોશિયલ મીડિયામાં ફેમસ થવા માટે નબીરાઓ અવનવા સ્ટન્ટ કરતાં વીડિયો સામે આવતા હોય છે, ત્યારે જામનગરમાં ઓવર સ્પીડમાં સ્કોર્પિયો કાર ચલાવીને રીલ બનાવનારા યુવક સામે સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી છે. પોલીસે કાર કબજે લઈને યુવકની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.ઓવરસ્પીડમાં કાર ચલાવી રીલ બનાવનારની સાયબર ક્રાઈમે કરી અટકાયત.જામનગરના બેડીબંદર રોડ પર ગરીબ નગર વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય જાબીર મહેબુબભાઇ સાઇચા નામના યુવાને પોતાની સ્કોર્પિયો કાર ઓવર સ્પીડમાં ચલાવીને તેની વીડિયો બનાવ્યો હતો. ત્યારબાદ યુવકે ફેમસ થવા માટે વીડિયો તેના સોશિયલ મીડિયા માધ્યમ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો.

સમગ્ર ઘટના જામનગર સાયબર ક્રાઇમની નજરમાં આવતા કાર ચાલકને શોધી કાઢી ભારતીય ન્યાય સંહિતા, એમ.વી.એક્ટ હેઠળ સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો. આ પછી કાર ચાલકની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં ૩ ઓગસ્ટે યોજાનારી પી.જી.નીટ તથા જૂનિયર ઈન્સ્પેક્ટર વર્ગ-૩ની પરીક્ષામાં ડિજિટલ વોચ નહીં પહેરી શકાય

### બંને પરીક્ષા અંગે રાજકોટ પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં તા. ૩ ઓગસ્ટે પોસ્ટ ગ્રેજયુએટ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (પી.જી.નીટ) ની પરીક્ષા સવારે ૯ થી ૧૨ દરમિયાન ૩ કેન્દ્રો ઉપર તથા ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જૂનિયર ઈન્સ્પેક્ટર વર્ગ-૩ની પરીક્ષા બપોરે ૩ થી ૬ દરમિયાન ૧ કેન્દ્ર પર લેવામાં આવનાર છે. આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય, પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે, શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધાત્મક હુકમો જારી કર્યા છે.

જે મુજબ, ૩ ઓગસ્ટે સવારે ૮ થી સાંજે ૭ સુધી પરીક્ષા કેન્દ્રો (શાળા-કોલેજો) નજીકના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહીં. કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્સ-કોપીયર મશીન ચાલુ રાખી શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં વાહનો લાવી કે લઈ જઈ શકાશે નહીં, ચાર વ્યક્તિઓએ ભેગા થવું નહીં. પરીક્ષાર્થીઓએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રશ્નપત્રને લગતું કોઈ સાહિત્ય-પુસ્તક-ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, આઈ-પેડ, સ્માર્ટ વોચ વગેરે જેવા ડિજિટલ ઉપકરણો લઈ જવા નહીં. સુપરવાઈઝરોએ પણ પરીક્ષાખંડમાં મોબાઈલ ન લઈ જવા. પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. પરીક્ષા કેન્દ્રોમાં ફરજ પરના અધિકારીઓ, સ્ટાફ, કર્મચારીઓએ આઈકાર્ડ પહેરવાનું રહેશે.

જેમણે અગાઉથી પરવાનગી મેળવેલી હોય તેવા ફરજ પરના અધિકારીઓ-સ્ટાફ, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રામાં જોડાયેલા લોકો, ફરજ પરના પોલીસ-એસ.આર.પી.-હોમગાર્ડ-જી.આર.ડી.ના સ્ટાફને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# ધોરાજી પોલીસ સ્ટેશનનાં દુષ્કર્મ અને પોકસોનાં કેસમાં આરોપીઓને નિર્દોષ છોડતી ધોરાજીની સેશન્સ અદાલત

**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ - વિજય રાડીયા**




ધોરાજીનાં પોલીસ ઈન્સ્પેકટર આર. જે. ગોધમે યોગ્ય રીતે તપાસ કરેલ ના હોય તેની સામે ખાતાકીય તપાસ કરી પગલા લેવા ડી.જી.પી. ગુજરાત રાજયને કરાયેલ આદેશ

ફરીયાદી જે મુળ ભોગ બનનાર છે તેઓ ધોરાજી તાલુકાનાં વતની હોય અને આરોપી વિશાલ ખીમજીભાઈ પરમાર જે ધોરાજીનાં રહીશ હોય તેઓ વચ્ચે પ્રેમ સંબંધ હોય, ભોગ બનનાર હાલ તેનાં પિતા ઘરે રહેતા હોય તેમજ ગત તા૦૫/૦૭/૨૦૨૪ નાં રોજ ભોગ બનનાર તથા તેનાં ઘરનાં સભ્યોને રસ્તામાં રોકી ભોગ બનનારને ખેંચી જવા પ્રયત્ન કરેલ અને અગાઉ આરોપી વિશાલે ભોગ બનનારને મારેલ જેથી ભોગ બનનારે તેનાં ભાઈ-ભાભીને ફોન કરી ધોરાજી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. ધોરાજી પોલીસે ભારતીય ન્યાય સંહિતા કલમ-૭૪,૭૮, ૩૫૧ (૨), ૩૫૨ તથા ૫૪ મુજબ ફરીયાદ નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. પી.કે. ગોહીલ દ્વારા કરાયેલ અને અધુરી તપાસ પી.આઈ. આર.જે.ગોધમે કોઈપણ જાતનાં હુકમ કે કાગળો કર્યા વગર પી.એસ.આઈ. પાસેથી લઈ લીધેલ અને ભોગ બનનારનું વિશેષ નિવેદન લઈ આરોપી વિશાલે ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનું જાહેર થતાં પોલીસે આરોપી વિશાલ તથા તેની માતા અને બહેન વિરૂધ્ધ પોકસો એકટની કલમ-૩(એ), ૪,૫(એલ), તથા ૬ નો ઉમેરો કરી ધોરાજી કોર્ટમાં ચાર્જશીટ કરેલ. જે કેસ ધોરાજી કોર્ટમાં ચાલી જતાં એવી હકીકત રેકર્ડ પર આવેલ કે પી.આઈ.ગોધમ તથા ભોગ બનનારનાં પિતા વચ્ચે મીત્રતા છે અને ભોગ બનનારનાં પીતરાઈ ભાઈએ ધોરાજી પોલીસ સ્ટેશનમાં આપઘાત કરેલ તે વખતે ભોગ બનનારનાં પિતાએ ધોરાજી પોલીસ વિરૂધ્ધ કોઈ કાનુની કાર્યવાહી થવા દીધેલ નહી. જેથી પી.આઈ.ગોધમ સાથે તેની મીત્રતા હોય જેથી પી.આઈ.ગોધમે કોઈ સચોટ તપાસ કર્યા વગર કે કોઈ સચોટ પુરાવો મેળવ્યા વગર ભોગ બનનારનાં પિતાને મદદ કરવાના આશ્રયથી આરોપીઓ વિરૂધ્ધ કોઈ ગુન્હો બનતો ન હોવા છતાં ચાર્જશીટ કરેલ અને ભોગ બનનારની જુબાનીમાં પણ એવી હકીકત ફલીત થયેલ કે ભોગ બનનાર અને આરોપી વિશાલની અગાઉ સગાઈ થયેલ હતી અને ત્યારબાદ આરોપી વિશાલનો અકસ્માત થતાં વિશાલને આંતરિક ઈજાઓ થયેલ તેમજ ભોગ બનનાર અને આરોપી વિશાલનાં લગ્ન કરાવવા માટે ભોગ બનનારનાં પિતાએ રૂપિયા અને દાગીનાની માંગણી કરેલ. જે નહી આપી શકતા ભોગ બનનાર અને આરોપી વિશાલનાં લગ્ન કરાવેલ નહી, પરંતુ ભોગ બનનારને વિશાલ સાથે પ્રેમ સંબંધ હોય ભોગ બનનાર આરોપી વિશાલ સાથે રહેવા જતી રહેલ અને પતિ-પત્નિની જેમ રહેવા લાગેલ પરંતુ કહેવાતા બનાવ સમયે ભોગ બનનારની ઉંમર સગીર હોવાની કોઈ હકીકત પ્રસ્થાપિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય આવી તમામ હકીકતો રેકર્ડ પર આવેલ આ કેશ ધોરાજી સેસન્સ કોર્ટ સમક્ષ ચાલી જતાં ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષનાં એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર વચ્ચે લંબાણ પૂર્વકની દલીલો તેમજ ઉચ્ચ અદાલતોનાં સિધ્ધાંતો રજુ થયેલ. જે તમામની તુલના કર્યા બાદ ધોરાજીનાં સેશન્સ જજ શ્રી એ.એમ.શેખ સાહેબે તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા તથા ધોરાજી પોલીસ સ્ટેશનનાં પી.આઈ. આર.જે.ગોધમ દ્વારા આરોપીઓને હેરાનગતી કરવા તેમજ કોઈ જ સ્પષ્ટ પુરાવો ન હોવા છતાં આરોપીઓને ખોટી રીતે સંડોવવા બદલ ડી.જી.પી. ગુજરાત રાજય દ્વારા આર.જે.ગોધમ વિરૂધ્ધ ખાતાકીય પગલા લઈ તેની જાણ અદાલતને કરવા તા ૩૧/૦૭/૨૦૨૫ નાં રોજ હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપીઓ તરફે ધોરાજીનાં એડવોકેટ ચંદુલાલ એસ. પટેલ તથા સંજયકુમાર પી. વાઢેર તથા હાજર રહ્યા હતા.

# ભાણવડના બરડા ડુંગરમાં દેશી દારૂની બે ભઠ્ઠી પર પોલીસ ત્રાટકી ૪૪૦૦ લીટર આથો મળ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભાણવડના બરડા ડુંગરમાં સ્થાનિક પોલીસે કરેલા કોમ્બિંગમાં વાગડીયાનેસ પાસેથી બે શખ્સની મનાતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ ગઈ હતી. સ્થળ પરથી રૂ.૧ લાખ ઉપરાંતનો ૪૪૦૦ લીટર આથો કબજે કરી લેવાયો છે. દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના બરડા ડુંગરમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી હોવાની બાતમી પરથી ભાણવડ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી. રાજવી તથા પીએસઆઈ પી.જે. ખાંટ અને સ્ટાફે કોમ્બિંગ કર્યું હતું.બરડા ડુંગરમાં વાગડીયાનેસથી વનરાવન નેસ તરફ જવાના રસ્તા પર પાણીના વોકળા પાસે જયેશ કારાભાઈ રબારી નામના ધામણીનેસના શખ્સની મનાતી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. સ્થળ પરથી ૨૪૦૦ લીટર આથો કબજે કરાયો છે. જયારે ભરત પરબતભાઈ મોરી ઉર્ફે મેરૂ નામના રાણપર ગામના શખ્સની મનાતી ભઠ્ઠી પરથી ૨૦૦૦ લીટર આથો કબજે કરી લેવામાં આવ્યો છે. કુલ રૂ.૧ લાખ ૧૦ હજારની કિંમતના ૪૪૦૦ લીટર આથાને ઝબ્બે લઈ પોલીસે જયેશ તથા ભરતના સગડ દબાવ્યા છે.

# જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ ખાતે વિશ્વ હિપેટાઈટિસ દિવસની ઉજવણી કરાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. જી.જી. સરકારી હોસ્પિટલ, જામનગર ખાતે ''નેશનલ વાયરલ હિપેટાઈટિસ કંટ્રોલ પ્રોગ્રામ (NVHCP)'' અંતર્ગત વિશ્વ હિપેટાઈટિસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જે અંતર્ગત,આરોગ્ય કર્મચારીઓને જાગૃત કરવા માટે વિવિધ કાર્યક્રમો, સેમિનાર અને હિપેટાઈટિસ-બી વેક્સિન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. .Let's Break it Down" ની થીમ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં. સંસ્થાના તજજ્ઞો, રેસિડેન્ટ ડોક્ટર અને ઈન્ટર્ન ડોક્ટર માટે ખાસ.સેન્સિટાઈઝેશન-કમ-ટ્રેનિંગ સેશન યોજાયા હતા. આ સેશન્સમાં હિપેટાઈટિસ B અને C રોગ કેવી રીતે ફેલાય છે તે વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જેમાં અસુરક્ષિત સોય-સિરીંજ, તપાસ વગરનું સંક્રમિત લોહી, માતાથી નવજાત શિશુમાં સંક્રમણ અને અસુરક્ષિત જાતીય સંબંધો જેવા મુદ્દાઓ પર વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું.આ સાથે, ઉપસ્થિત આરોગ્ય કર્મચારીઓને હિપેટાઈટિસ-બી વેક્સિનનું મહત્વ, હિપેટાઈટિસ-બી અને સી માટેના ટેસ્ટિંગ અને ઉપલબ્ધ સારવાર વિશે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ ડો. દિપક તિવારી, તબીબી અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ડો. અમી ત્રિવેદી અને ડો. હિરલ ગઢવી સહિતના આરોગ્ય કર્મીઓના સહયોગથી સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

# જામનગરના બાલા હનુમાન સંકિર્તન મંદિરમાં ચાલતી અખંડ રામધુનનો આજે ૬૨મા વર્ષમાં પ્રવેશ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બાલા હનુમાન સંકિર્તન મંદિરમાં ચાલતી અખંડ રામધુનનો ૬૨મા વર્ષમાં પ્રવેશ થયો છે. રામધુનને આજે ૨૨૨૭૯ દિવસ થતા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયો હતા. આ અવસરે બાલા હનુમાન મંદિરમાં આજે ધ્વજા રોહણ અને વિશેષ રામધૂન ઉપરાંત સંધ્યા આરતી સાથે ૫૧ દિવાની મહાઆરતી સહિતના ધામક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અખંડ રામધુનનો મંગલમય પ્રારંભ શ્રી પ્રેમભિક્ષુજી મહારાજે તા.૧.૮.૧૯૬૪ ના રોજ કર્યો હતો. તે પછી આજ દિન સુધી રામધુન



અવિરત ચાલુ રહી છે. અહીં દેશ-વિદેશથી પણ હજારો શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે.

# નારી વંદના ઉત્સવ: મહિલા સુરક્ષા દિવસ

### રાજકોટમાં સનશાઈન કોલેજ ખાતે વિદ્યાર્થીઓને મહિલાલક્ષી યોજનાઓની જાણકારી અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા 'નારી વંદના ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત 'મહિલા સુરક્ષા દિવસ' નિમિત્તે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા સાયબર ક્રાઇમ કચેરી તથા શી ટીમના સહયોગથી સનસાઈન કોલેજ ખાતે વિદ્યાર્થીઓને ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇનની કામગીરી અને એપ્લિકેશન વિશે માહિતી આપવામાં આવી હતી. કાઉન્સેલર શિતલબેન સરવૈયાએ મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓ અને



કાયદાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. આ તકે અભયમ્ ટીમનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ : ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ

## માતાનું ધાવણ છે સર્વોત્તમ ઉપચાર, શિશુ માટે છે અમૂલ્ય વરદાનઃ જન્મના પ્રથમ કલાકથી જ સ્તનપાનનો પ્રારંભ અને છ માસ સુધી ફક્ત માતાનું દૂધ આવશ્યક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

**મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ..**
**એથી મીઠી તે મોરી માત રે..**
**જનનીની જોડ સખી.. નહીં જડે રે લોલ..**

કવિ બોટાદકર રચિત ઉપરોક્ત પંક્તિ 'માતા'ની મહાનતા દર્શાવે છે. બાળકને મન 'મા' સર્વસ્વ હોય છે. બાળકના જન્મથી લઈને છ મહિના સુધી માતાનું દૂધ બાળક માટે અમૃત સમાન છે.

વિશ્વભરમાં દર વર્ષે ઓગસ્ટ મહિનાના પ્રથમ અઠવાડીયામાં એટલે કે તા.૧ ઓગસ્ટથી તા.૭ ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે. જેનો શુભ આશય બાળકના જન્મના પ્રથમ કલાકથી જ સ્તનપાનનો પ્રારંભ, છ માસ સુધી ફક્ત સ્તનપાન અને છ માસ બાદ માતાના દૂધની સાથે ઉપરી આહારની શરૂઆત કરવા અંગે જાગૃતિ કેળવવાનો છે. જેથી, બાળકના આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારો થઇ શકે અને બાળકની જીંદગી બચાવવાની સાથે અમૂલ્ય એવું સ્વસ્થ જીવન ભેટ આપી શકાય.

**સ્તનપાનનું મહત્વઃ** બાળકના જન્મ પછી તરત જ માતાનું ઘટ્ટ પીળું દૂધ તેને આપવું જોઈએ. બાળકોને જન્મથી પ્રથમ છ મહિના સુધી માત્ર માતાના દૂધ પર જ આધારિત રાખવું જોઈએ. આ દૂધ બાળકના સ્વાસ્થ્ય અને વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ છે. ધાવણ એ પોષણના અન્ય સ્ત્રોત કરતાં શ્રેષ્ઠ છે. સ્તનપાન જઠરાગ્નિ સમસ્યાઓ સામે રક્ષણ આપે છે, તે પાચન કરવામાં સહેલું છે અને તેનાથી કબજિયાત નથી થતી. તે બાળકની રોગ-પ્રતિકારક શક્તિ વધારે છે.

સ્તનપાન માતા અને બાળક વચ્ચે ભાવનાત્મક જોડાણ મજબૂત બનાવે છે. માતાનું દૂધ બાળકના મગજના વિકાસ માટે જરૂરી ફેટી એસિડ્સ ધરાવે છે. આથી, પ્રથમ છ મહિના માટે સંપૂર્ણપણે અને ત્યારબાદ ૦૨ વર્ષ કે વધુ સમય માટે સ્તનપાન ચાલુ રાખવું જોઈએ. સ્તનપાન દમના રોગ અને કાનના ચેપ સામે રક્ષણ આપે છે, કારણ કે, તે બાળકના નાક અને ગળાના પટલમાં એક રક્ષણાત્મક સ્તર બનાવે છે. સ્તનપાન બાળપણમાં લ્યુકેમિયાના રોગ સામે રક્ષણ આપે છે.

**ધાત્રી માતાએ લેવાની કાળજીઃ** સ્તનપાન કરાવતી ધાત્રી માતાઓએ પોતે પણ પોતાના ભોજનની યોગ્ય કાળજી લેવી જોઈએ. જેથી, માતાના દૂધનું પોષણમૂલ્ય જળવાય રહે અને માતાના શરીરમાં પણ પોષકતત્વોની ઉણપ ન સર્જાય. સ્તનપાનના કારણે ધાત્રી માતા અને નવજાત બાળક એમ બંનેનું સ્વાસ્થ્ય અને પોષણનું સ્તર જળવાય રહે છે. સ્ત્રી ગર્ભ ધારણ કરે, ત્યારથી માતાના ભોજનની ખૂબ કાળજી લેવી જોઈએ અને તેટલી જ કાળજી માતાએ પ્રસુતિ બાદ છ મહિના સુધી પણ અચૂક લેવી જોઈએ. તેનું કારણ છે કે, શિશુ જન્મ પછી શરુઆતના છ મહિના સંપૂર્ણ રીતે માતાના દૂધ પર નિર્ભર હોય છે. બાળકના ભોજન અને પોષણ સંબંધિત આવશ્યકતાઓ, ત્યાં સુધી કે તેની પાણીની જરૂરિયાત પણ ફક્ત અને ફક્ત માતાનું દૂધ જ પૂરી પાડી શકે છે. આ સમયે માતાનું દૂધ પૂરતી માત્રામાં પોષક તત્વો ધરાવે અને પૂરતી માત્રામાં આપવામાં આવે, તે જરુરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર બાળ મૃત્યુદર ઘટાડવા દવાખાનામાં બાળકનો જન્મ થવો, બાળક એક વર્ષનું થાય ત્યાર પહેલા સંપૂર્ણ રસીકરણ, બાળકના જન્મ બાદ તુરંત માતાનું ધાવણ આપવા તથા છ માસ સુધી માત્ર માતાનું જ ધાવણ આપવા વિશે જાગૃતિ ફેલાવવા પ્રયાસશીલ છે. તેમજ જે માતા બાળકને દૂધ નથી આપી શકતી તેવા બાળકો અને આરોગ્યના કારણસર જે બાળકો માતાના દૂધને સીધું ગ્રહણ કરવા સક્ષમ નથી હોતા તેવા બાળકોને અન્ય માતા પોતાનું દૂધ આપી શકે, તે હેતુસર રાજ્ય સરકારે 'હ્યુમન મિલ્ક બેંક'ની વ્યવસ્થા કરી છે.

# રાજકોટ જિલ્લામાં ૮મી ઓગસ્ટ સુધી નારી વંદન સપ્તાહની ઉજવણી કરાશે

## ૨ ઓગસ્ટે બેટી બચાવો, બેટી પઢાઓ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં મહિલાઓ સુરક્ષા, સ્વાવલંબન, સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં સક્ષમ થાય તે હેતુથી મહિલા અને બાળવિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં ૧થી ૮ ઓગસ્ટ દરમિયાન નારી વંદન સપ્તાહની ઉજવણીની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા એક સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે મુજબ, ૧ ઓગસ્ટે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી. ૨ ઓગસ્ટે બેટી બચાવો, બેટી પઢાઓ દિવસની થીમ સાથે કાર્યક્રમ યોજાશે.

૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ જ્યારે ૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, ૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ તથા ૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે, તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે આજે રાજકોટ જિલ્લાના ૧.૯૩ લાખ ખેડૂતોને રૂ.૪૦.૧૫ કરોડની સહાય ચૂકવાઈ

## રાજકોટ જિલ્લાકક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ તરઘડીયા ખાતે યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના કૃત્રિ તથા પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લાકક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ તા. ૨ ઓગસ્ટે રાજકોટ-અમદાવાદ હાઈવે પર તરઘડીયામાં આવેલા ત્રિ-મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં પી.એમ. કિસાન સન્માનનિધિ યોજનાના રાજકોટ જિલ્લાના ૧,૯૩,૯૮૧ ખેડૂત લાભાર્થીઓને ૨૦મા હપ્તાની રૂ. ૪૦.૧૫ કરોડની રકમ ડી.બી.ટી.ના માધ્યમથી ચુકવવામાં આવશે.

પી.એમ. કિસાન ઉત્સવ દિવસ અંતર્ગત તા. ૨ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉત્તરપ્રદેશના વારાણસીથી વર્ચ્યુઅલ માધ્યમથી પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૦મા હપ્તાની સહાય ખેડૂત લાભાર્થીઓને અર્પણ કરવામાં આવશે. આ સહાય ડી.બી.ટી.થી સીધી ખેડૂતોના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાશે. આ અવસરે ગુજરાત રાજ્યના ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ.૧૧૧૮ કરોડથી વધુની રકમની સહાયનું વિતરણ સીધું બેન્ક ખાતામાં ડી.બી.ટી. મારફત કરવામાં આવશે.

# શાળાકીય રમતોત્સવ અંતર્ગત રાજકોટ જિલ્લા કક્ષા બેડમિન્ટન સ્પર્ધા યોજાઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રાજકોટ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા રાજકોટ શહેર-ગ્રામ્ય શાળાકીય રમતોત્સવ ૨૦૨૫-'૨૬નું આયોજન કરાયું છે.

આ શાળાકીય રમતોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા બેડમિન્ટન અન્ડર ૧૪, ૧૭, ૧૯ વયજૂથના ભાઈઓ-બહેનોની સ્પર્ધા મલ્ટીપર્પઝ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. જેમાં અન્ડર ૧૪ કેટેગરીમાં ૭૨, અન્ડર ૧૭ કેટેગરીમાં ૬૩ અને અન્ડર ૧૯ કેટેગરીમાં ૨૧ બહેનોએ ભાગ લીધેલ હતો. જે પૈકી અન્ડર ૧૪ કેટેગરીમાં પ્રથમ ક્રમે શ્રેયા ડેનિસ આડેસરા (એસ.એન.કે. સ્કૂલ), દ્વિતીય ક્રમે નિયતિ નેહલભાઈ ડોડીયા (એસ.એન.કે. સ્કૂલ) અને તૃતીય ક્રમે અનુષ્કા મયુરભાઈ દવે (નિર્મલા કોન્વેટ સ્કૂલ) વિજેતા થયા હતાં. જ્યારે અન્ડર ૧૭ કેટેગરીમાં પ્રથમ ક્રમે ન્યાસા રાહુલભાઈ મકવાણા (જી.કે. ધોળકિયા સ્કૂલ), દ્વિતીય ક્રમે સાચી અંટાળા (એસ.એન.કે સ્કૂલ) અને તૃતીય ક્રમે હર્ષવી ઝાલા (એસ.એન.કે. સ્કૂલ) વિજેતા થયા હતાં. તેમજ અન્ડર ૧૯ કેટેગરીમાં પ્રથમ ક્રમે જાનવીબા ચુડાસમા (તપસ્વી સ્કૂલ), દ્વિતીય ક્રમે હેતવી ગાંધી (એસ.એન.કે. સ્કૂલ) અને તૃતીય ક્રમે મિસ્ટી ચણિયારા (એસ.એન.કે. સ્કૂલ) વિજેતા થયા હતાં, તેમ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# સગીરાને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ આચરનાર સોખડાનો શખ્સ ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી સગીરા પર પાડોશી શખ્સે દુષ્કર્મ આચર્યાની ફરીયાદ નોંધાયા બાદ ગણતરીની કલાકોમાં જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સોખડાના શખ્સને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ એ.એસ.ગરચર, એએસઆઇ અનીલભાઇ સોનારા, સમીરભાઇ શેખ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી તેના પર દુષ્કર્મ કરનાર રાહુલ ભનુ ઝીંઝરીયા (રહે. સોખડા મુળ ભગવતીપરા મોફતીયાપરા શેરી નં.૧૭)ને ગણતરીની કલાકોમાં દબોચી લઇ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટની મુલાકાત લેતી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિદ્યાર્થીનીઓ

## લોગો ડિઝાઇન સ્પર્ધા, વોટ્સએપ ચેનલ અને સરકારી પ્રકાશનો વિષયક માહિતી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિદ્યાર્થીનીઓએ અભ્યાસક્રમના ભાગરૂપે પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટની મુલાકાત લીધી હતી.

આ તકે સહાયક માહિતી નિયામક રાધિકાબેન વ્યાસે વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકારની રાષ્ટ્રીયસ્તરે આયોજિત ગુજરાત@75 લોગો ડિઝાઇન સ્પર્ધા, ગુજરાત ઈન્ફોર્મેશનની વોટ્સએપ ચેનલ તથા રાજ્ય સરકારના વિવિધ સોશિયલ મીડિયા હેન્ડલ વિષયક માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીનીઓને સ્પર્ધાના નિયમો વિશે વિશેષ જાણકારી આપી અને ભાગ લેવા તથા વોટ્સએપ ચેનલ ફોલો કરવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત, સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમારે વિદ્યાર્થીનીઓને ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર અને સરકારી પ્રકાશનો અંગે જાણકારી આપી હતી. તેમજ વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક યોજનાઓ લાભ લેવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, અધ્યાપકો પ્રવીણચંદ્ર જાની અને એલ.જી.પુરોહિતના માર્ગદર્શન હેઠળ ડી.એલ.એડ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ૫૮ વિદ્યાર્થીનીઓએ કચેરીની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને ગુજરાત પાક્ષિક અને રોજગાર સમાચારનું વિતરણ કરાયું હતું.

# કોઠારિયાના બે એકમોમાં શ્રમ વિભાગના દરોડા ૭ કિશોરી સહિત ૧૩ બાળ મજૂરોને છોડાવાયા

## બાળ મજુરી નાબુદી ઝુંબેશ હેઠળ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની કામગીરી માલિકો સામે આજીડેમ પોલીસમાં શ્રમ અધિકારીએ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બે સ્થળોએ દરોડા પાડી ૧૧ થી ૧૪ વર્ષની વય જૂથના ૧૩ બાળકોને માલિકના ચુંગાલમાંથી મુક્ત કરાવી બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી બે પેઢીના ત્રણ માલિકો સામે શ્રમ અધિકારીની ફરિયાદ પરથી આજીડેમ પોલીસમાં ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી હતી.

સરકારી શ્રમ અધિકારી સહિત એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના બાદલભાઈ દવે, હરપાલસિંહ ઝાલા, ધીરેન ગઢવી સહિતના સ્ટાફે કોઠારીયા વિસ્તાર પ્લોટ નં ૨૩, આજી સહજાનંદ એરીયામાં આવેલ માહિ પોલીમરમાં દરોડો પાડી તપાસ હાથ ધરતા ૧૨ થી ૧૫ વર્ષ જુથના ચાર બાળક-બાળકી મળી આવતા ટીમે ચારેય બાળકોની પુછપરછ કરતા પોતે ૧૦ દિવસથી ૧ વર્ષ સુધી કામ કરતા હોવાનું જણાવતા જેથી માલિકના કબજામાંથી મુકત કરાવી બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી મદરીયા ન્યુ સૂર્યોદય સોસાયટી શેરી નં ૧માં રહેતા જયેશ કાનજી મદરીયા સામે ગુનો નોંધાવ્યો હતો. તેમજ મુરલીધર વે બ્રિજની બાજુમાં આવેલ વિહલ કૃપા કલર એનોડાઈઝમાં દરોડા પાડી ૧૧ થી ૧૭ વર્ષ જુથના ૯ બાળકોને મુકત કરાવી માલિક પરેશ ઉંધાડ, વિવેક વસાણી સામે શ્રમ અધિકારી ડો. ડી.આર. કાનાણીની ફરિયાદ પરથી આજીડેમ પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો.

# રાજકોટ ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫' અંતર્ગત સ્વચ્છતા અભિયાનનો શુભારંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫' ના ઉપલક્ષ્યમાં તારીખ ૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી એક વિશેષ 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પખવાડિયા દરમિયાન, ડિવિઝનના વિવિધ સ્ટેશનો, રેલવે કોલોનીઓ અને કચેરીઓમાં સ્વચ્છતા જાગૃતિ અને વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવશે.

અભિયાનનો પ્રારંભ રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ તમામ રેલ કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત રહેવાની શપથ લેવડાવીને કર્યો. મીનાએ રેલ કર્મચારીઓને દર વર્ષે ૧૦૦ કલાક એટલે કે દર અઠવાડિયે ૨ કલાક શ્રમદાન કરવા અને અન્ય લોકોને પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા આહ્વાન કર્યું, જેથી સમગ્ર દેશને સ્વચ્છ બનાવવામાં મદદ મળી શકે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ડિવિઝન વિસ્તારમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો છે, જેમાં ખાસ કરીને રેલવે ટ્રેક અને તેની આસપાસના વિસ્તારોમાંથી કચરો હટાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# અમદાવાદમાં વૃધ્ધાના ગળામાંથી સોનાની માળાની ચીલઝડપ કરનાર સમડી ઝડપાઈ

## ડીસીપી પ્રદિપસિંહ જાડેજાની રાહબરી હેઠળ મણીનગર પોલીસે બે શખ્સોને દબોચી લઈ મુદ્દામાલ કબ્જે કર્યો





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ શહેરના મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભુમિ બંગલો શિવકૃપા મુક્તિ મેદાન ખાતે રહેતા અને નિવૃત જીવન ગુજારતા ફરિયાદી દક્ષાબેન હરીશભાઈ બ્રહ્મભટ્ટ સાંજના સમયે પોતાના પૌત્ર સાથે એક્ટિવા ગાડી માં નાસ્તો લેવા નીકળેલ ત્યારે ઘર પાસે આવતા એક એક્સેસ વાહનમાં બે અજાણ્યા ઈસમોએ આવીને તેમના ગળામાંથી સોનાના ચેઈન કી રૂ ૨૦૦૦૦૦ ની ચીલઝડપ કરીને નાસી ગયેલ નો ગુનો મણિનગર પોલીસ સ્ટેશન માં દાખલ કરવામાં આવતા, મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

ડીસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ, ડી સ્ટાફના પીએસઆઇ એ એસ પટેલ તથા સ્ટાફના પો કોન્સ મયુદ્દીન ભાઈ ,અનિલ ભાઈ,દિગંત ભાઈ,હરસુર ભાઈ ,પરિમલ ભાઈ સહિતની પોલીસ ટીમ દ્વારા જીણવટ ભરી તપાસ હાથ ધરી, સીસીટીવી ફૂટેજ ચેક કરતા બે વ્યક્તિ નંબર વગરના એક્સેસ વાહનમાં આવેલ હતા જેના સમગ્ર રૂટના સીસીટીવી મેળવી, વાહન પાછળના સિમ્બોલને આધારે જુહાપુરા વિસ્તાર માં રહેતા મહંમદ ફીઝન ઉર્ફે પાંગા મહંમદ રફીક શેખ રહે સંકલિતનગર apmc માર્કેટની પાછળ મકતમપુરા અમદાવાદ વાળાને એક્સેસ ગાડી જેના ન -01-TV-7689 વાળાને પકડીને તેની પૂછપરછ કરતા તે અને તેનો પડોસમાં રહેતો મિત્ર શહીદ ઉર્ફે દાઉદ મુનાવર હુસૈન સૈયદ સાથે આવેલ હોવાનું જાણવા મળેલ આરોપી મહંમદ ફેઝાન ઉર્ફે પાંગા અગાઉ ૪ વખત ચેન સ્નેચિંગ અને બે વખત ચોરીના ગુનામાં પાલડી, એલિસબ્રિજ તથા ક્રાઇમ બ્રાન્ચમાં પકડાયેલ હોવાનું પોકેટ કોપ એપ્લિકેશનમાં સર્ચ કરતા જણાય આવતા આરોપી ને મુદ્દામાલ ચેઈન તથા વાહન સાથે પકડી પાડવામાં આવેલ છે. તથા પોતાનો સોનાનો ચેઈન પરત મળી જશે તેવું જાણી ને ફરિયાદી સિનિયર સિટિઝન માજી દક્ષા બેન તથા તેના પુત્ર ભાવવિભોર થઈ પોલીસ ની સારી કામગીરી મો આભાર વ્યક્ત કરેલ હતો.

# રાજકોટ સહિતના નવનિયુકત નોટરી-વકીલોને ઇ-સ્ટેમ્પના લાયસન્સ આપવા મુખ્યમંત્રીને રજુઆત

## રાજકોટ ડિસ્ટ્રીકટ નોટરી એસો.ના પ્રમુખ ડી.ડી.મહેતા, રાજભા ઝાલા, શૈલેષ ભટ્ટ અને ભુપેન્દ્રસિંહ જાડેજાની લેખીત રજુઆત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિસ્ટ્રીકટ નોટરી એસોસિએશનના પ્રમુખ ડી.ડી. મહેતા તથા અન્ય હોદેદારો રાજભા ઝાલા, શૈલેષ ભટ્ટ અને ભુપેન્દ્રસિંહ જાડેજાએ રાજ્યના મુખ્યમંત્રી તથા કાયદામંત્રીને લેખીત રજુઆત કરી રાજકોટ સહિતના ગુજરાત રાજયના નવનિયુક્ત ૮૦૮૩ નોટરી વડીલોને તાકીદે ઈ-સ્ટેમ્પ લાયસન્સ આપવા માંગણી કરી છે.

રજુઆતમાં જણાવ્યું છે કે, રાજકોટ રાહેર ગુજરાતના વિવિધ જિલ્લા અને તાલુકાના નવનિયુકત નોટરીઓ દ્વારા ડીસ્ટ્રીકટ નોટરી એસોસીએશનને અવાર-નવાર રજુઆતો મળેલ છે કે, ૧ વર્ષ પહેલાં ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં ૮૦૮૩ વકીલોને નોટરીના નોટરી લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા છે. પરંતુ હાલમાં નવનિયુક્ત નોટરીઓને ઈ-સ્ટેમ્પનું લાયસન્સ આપવામાં આવતુ નથી. જેથી નોટરી વકીલોને સામાન્ય જનતાને સ્ટેમ્પ પેપર લેવા માટે અગાઉ સરકાર દ્વારા નિયુક્ત કરેલ સ્ટેમ્પ જવું પડે છે અને હાલમાં વસ્તી અને ૧ કરેલ સ્ટેમ્પ વેન્ડર પાસે લેવા માટે વિસ્તારના પ્રમાણમાં નોટરી વકીલોની સંખ્યા વધી હોવાથી આ સ્ટેમ્પ પેપર લેવા માટે નોટરીઓને અન્યત્ર જગ્યાએ જવું પડે છે. જેના કારણે આમ જનતાનો સમયનો બગાડ થાય છે.

નવનિયુકત નોટરીને વિવિધ કરારો, સોગંદનામાં દસ્તાવેજો માટે સ્ટેમ્પનો ઉપયોગ કરવામાં સમસ્યા પડે છે. વિવિધ પ્રકારના લખાણો માટે નવનિયુક્ત નોટરી પાસેથી જો સ્ટેમ્પ પેપર સરળતાથી મળી રહે તો સામાન્ય જનતાને રાહત મળી શકે તેમ છે. સરકાર દ્વારા નોટરીની સંખ્યા વધી હોય જેથી રાજય સરકારના પરિપત્ર તા. ૯/૯/૨૦૧૯ના પરિપત્ર નં. સ્ટેમ્પ /કાયદા/૫૧ /૨૦૧૯ /૧૪૪૪૪૫૬૫ સુપ્રીમ ઓફ સ્ટેમ્પ ગુજરાત રાજ્ય ગાંધીનગર સરકારશ્રી દ્વારા તમામ સરળતાથી સ્ટેમ્પ મળી રહે અને જનતા નવનિયુકત નોટરી રી વકીલોને વકીલોને જનતાને સરળતાથી સ્ટેમ્પ ડયુટી ચૂકવણી કરી શકે તે માટે ઈ સ્ટેમ્પીંગ રૂલ્સ ૨૦૧૪ ના નિયમ ૧૩ માં ઉક્ત પ્રસ્તાવિત ૨ ના જાહેરનામામાં સુધારો કરવામાં આવેલ છે. અને જે વ્યક્તિ/એજન્સી તરીકે નિમણૂક થવા માંગતા હોય તેમને નિમ ૧૨ મુજબ નિમણૂક સત્તાધિકારી/સુપ્રિ.ઓફ સ્ટેમ્પ મંજૂરી આપી શકે છે જેથી હાલમાં સમગ્ર ગુજરાતમાં ૮૦૮૩ વકીલોને નોટરી તરીકે ભારત સરકારે નિમણૂક આપેલ છે તે તમામને જનતાના હિતમાં ઈ-સ્ટેમ્પ પેપર લાઈસન્સ આપવામાં આવે અને આ અંગે તાકીદે ઈ-સ્ટેમ્પ લાઈસન્સ ફાળવવા લાગુ કચેરી/અધિકારીઓને આદેશ આપવા અંતમાં રાજકોટ ડિસ્ટ્રીકટ નોટરી દ્વારા માંગણી કરાઈ છે.

# સર્વિસ સ્ટેશનમાં કામ કરતા ત્રણ યુવકને વીજશોક લાગ્યોઃ એકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દૂધસાગર રોડ પર હાઉસિંગ બોર્ડ હેદરીચોકમાં આવેલ ભારત સર્વિસ સ્ટેશનમાં ભાવેશ રમેશભાઈ લુદરીયા (ઉ.વ.૩૦) જિલ્લાની સુમારભાઈ રાઉમા (ઉ.વ.૨૬) અને રવિરાજ ગોરધનભાઈ સરવૈયા (ઉ.વ.૨૫)ને વીજશોક લાગતાં બેશુધ્ધ હાલતમાં ઢળી પડયા હતાં. ત્રણેય યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ગંભીર રીતે દાઝી ગયેલા ભાવેશભાઈ લુદરીયાનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતાં થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડયો હતો. જ્યારે ગંભીર રીતે દાઝી ગયેલા બન્ને યુવકને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

પ્રાથમિક પૂછપરછમાં ભારત સર્વિસ સ્ટેશનના માલિક જિલ્લાની રાઉમા અને સર્વિસ સ્ટેશનમાં કામ કરતા રવિરાજ સરવૈયા સાતમ આઠમના આગામી તહેવારોને લઈને વાહનોની સર્વિસનું વધુ કામ હોય, સર્વિસ સ્ટેશનમાં કામ કરતા રવિરાજ સરવૈયાએ અન્ય સર્વિસ સ્ટેશનમાં કામ કરતા પોતાના બનેવી ભાવેશભાઈ લુદરીયા મદદ માટે કામ ઉપર બોલાવ્યા હતા રવિરાજ, ભાવેશ અને સર્વિસ સ્ટેશનના માલિક ફિરોજભાઈના ભાઈ જિલ્લાનીભાઈ મધરાત્રે સર્વિસનું કામ કરી રહ્યા હતા ત્યારે ભાવેશભાઈના હાથમાં રહેલ લોખંડનો સળીયો જીવતા વીજ વાયરને અડી જતા ત્રણેય ને કરંટ લાગ્યો હતો, જેમાં ભાવેશભાઈનું મોત નીપજ્યું હતું. મૃતક ભાવેશભાઈ બે ભાઈમાં નાનો હતો અને તેને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે થોરાળા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# હેલ્મેટના કાળા કાયદા સામે કોંગ્રેસ પ્રેરીત સંસ્થાઓએ કર્યો વિરોધ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રેરિત વિદ્યાર્થી સંગઠનો અને સામાજિક સંસ્થાઓ દ્વારા જણાવ્યું છે કે સરકાર દ્વારા રાજકોટ શહેરમાં આઠ સપ્ટેમ્બરથી એટલે કે સાતમ આઠમના ના તહેવારો બાદ રાજકોટ શહેર પોલીસ હેલ્મેટના કાળા કાયદા અંગે રાજકોટ શહેરમાં ઝુંબેશ ચલાવવા આગળ વધી રહી છે ત્યારે રાજકોટ શહેરમાંથી રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા અને આમ નાગરિકોમાં તેનો પ્રચંડ વિરોધ થયો છે અને કોંગ્રેસ પક્ષ દ્વારા આ ફરજિયાત હેલ્મેટ ના કાળા કાયદા સામે આંદોલનનું રણશિંગું ફુકવામાં આવશે તેવી જાહેરાતો પણ કરી ચૂકી છે. તે આજરોજ રાજકોટ માં કોંગ્રેસ પ્રેરિત વિદ્યાર્થી સંગઠનો અને સામાજિક સંસ્થાઓ દ્વારા ફરજિયાત હેલ્મેટ સામે વિરોધાત્મક કાર્યક્રમના ભાગરૂપે સહી ઝુંબેશથી શ્રી ગણેશ કરવામાં આવેલ છે. જે સંદર્ભે રાજકોટ શહેરના કાલાવડ રોડ પરના સંકલ્પ સિદ્ધ હનુમાન મંદિર પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, અંડર બ્રિજ ઉપરના ભાગમાં યુવા કોંગ્રેસ, NSUI, શક્તિ સુપર સી દ્વારા નગરજનો માટે સહી ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યું છે જે સવારે ૧૦:૩૦ થી ૧-૩૦ અને સાંજે ૪-૩૦ થી ૮-૩૦ સુધી સહી ઝુંબેશ ચાલુ રહેશે જેથી કોઈ નાગરિકોને હેલ્મેટ વિરોધાત્મક આ સહી ઝુંબેશમાં જોડાવા માંગતા હોય તેવા જાગૃત નાગરિકો સહી કરી પોતાનો વિરોધ નોંધાવી શકે છે. આજના સહી ઝુંબેશના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ NSUIના પ્રદેશ પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી, નીતિનભાઈ ભંડેરી, યુવા કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ જાડેજા સહિતના આગેવાનોએ જહેવત ઉઠાવી હતી

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT



# આજી જીઆઇડીસીના કારખાનામાં દારૂ-જુગારની મહેફીલમાં થોરાળા પોલીસ ત્રાટકી: લાખેણો વહીવટ...?

## કારખાનામાંથી સીસીટીવીનું ડીવીઆર અને મોંઘીદાટ ૧ લીટરની ત્રણ ખાલી બોટલ કબ્જે કરી કારખાનેદારો (જુગારીઓ)ને શીશામાં ઉતાર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે આવેલા થોરાળા પોલીસ સ્ટેશનમાં ભુતકાળમાં જોઇ કોઇ પોલીસ અધિકારી કે પોલીસકર્મીની બદલી થાય તો પોલીસ બેડામાં એવી ચર્ચાઓ થતી હતી કે, સજાના રૂપમાં થોરાળામાં બદલી કરાઇ હોય તેવું ચીત્ર જોવા મળતું હતું. થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુન્હેગારો બેખોફ ગેરકાયદે ધંધાઓ કરતા હોય અને એ સમયે સતત કામના ભારણ અને પૈયની આવક વગર કામ કરવાના કારણે થોરાળા પોલીસમાં નોકરી કરવી કોઇને પરવળતું ન હતું. પરંતુ એક સમયનું ગરીબ ગણાતું આ પોલીસ સ્ટેશન હાલ મલાઇદાર બની ગયું હોય તેમ નીતનવા કાંડ બહાર આવી રહ્યા છે. વધુ એક કાંડમાં થોરાળા પોલીસે આજી ડીઆઇડીસીમાં એક કારખાનામાં ચાલતી જુગાર કલબ અને દારૂની મહેફીલમાં મસમોટો વહીવટ કર્યો હોવાની ચર્ચા વહેતી થતા ભારે આશ્ચર્ય સજાર્યુ છે.

અગાઉ પણ થોરાળા પોલીસના કેટલાક પોલીસ કર્મીઓ વિવાદમાં સપડાયા છે અને ભુતકાળમાં દારૂ ભરેલા જયુપીટર હવામાં ઓગળી ગયા હોવાના કાંડ થયા હોય. જુગારનો કેસ કરવાના બદલે બારોબાર વહીવટ કરી આરોપીઓને છોડી દેવામાં તથા વિદેશી દારૂના કેસમાં ભરણવાળા બુટલેગર પાસેથી મહિને લાખોનો વહીવટ અને મહિનામાં ત્રણ કામ ફરજીયાત આપવાના આવા પ્રકરણમાં પાછું પકડાયેલા નાની માછલીઓ પાસેથી પણ મસમોટો તોડ કરવાની ઘટનાઓ ભૂતકાળમાં બની હોવાની ચર્ચાઓ ચર્ચાઇ રહી હતી. વધુ એકવાર થોરાળા પોલીસના કેટલાક પોલીસ કર્મીઓએ આજી જીઆઇડીસીમાં મોટું કાંડ કર્યુ હોવાની ચર્ચાઓ થવા લાગી છે. જેમાં હાલ ઠેકઠેકાણે શ્રાવણીયા જુગારની મોસમ ખીલી છે ત્યારે આજી જીઆઇડીસીના એક કારખાનામાં મસમોટી જુગારની કલબ (લાખોની બેંક બતાવી જુગારીઓએ રમત શરૂ) શરૂ થઇ હોય અને સાથે સાથે મોંઘીદાટ વિદેશીદારૂ પણ પીરસવામાં આવતી હોય તેવી હકિકતના આધારે પોલીસ જીઆઇડીસીના કારખાનામાં ત્રાટકી હતી. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ હોય. એટલે પોલીસે સીસીટીવી કેમેરાનું ડીવીઆર તથા મોંઘીદાટ સીમરન ઓફ વોડકાની એક લીટરની ખાલી પડેલી ત્રણથી ચાર બોટલો કબ્જે લઇ કમઠાણ પોલીસ મથકે લઇ જવાની પેરવી શરૂ કરી હતી. પરંતુ લાખેણી રકમનો વહીવટ કરી મામલો રફેદફે કરવામાં આવ્યો હોય તેવી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. વહીવટ તો થઇ ગયો પરંતુ જો ડીવીઆર પરત આપવામાં આવે તો ભવિષ્યમાં પોલીસનું આ કારસ્તાન બહાર આવે તેવો ભય લાગતા પોલીસે કારખાનેદારને ડીવીઆર પરત ન આપ્યું અને ખાલી બોટલો અને ડીવીઆર પોલીસ સાથે લઇ જઇ કંઇ જ બન્યું ન હોય તેવો ઓડકાર લઇ લીધો હોવાનું સાંભળવા મળી રહ્યું છે.

# શાપરથી રાજકોટ જમવા આવતા બે મિત્રોના અકસ્માતમાં મોત

### બન્ને મૃતક પરિવારના કંધોતર હતાઃ ગોંડલ રોડ ચોકડીથી અમદાવાદ જતા રસ્તે બ્રિજ પાસે બાઇક સ્લિપર થઇ ગયાનું અનુમાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ ચોકડી નજીક બાઈક પર શાપરથી રાજકોટ જમવા આવી રહેલા બે મિત્રોને અકસ્માત નડતાં બન્નેના કરુણ મૃત્યુ નિપજ્યા હતા. એકંદરે આ અકસ્માત બાઈક સ્લિપ થવાને કારણે થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે આમ છતાં પોલીસ દ્વારા ખરેખર બાઈક સિલિપ થયું કે પછી કોઈ બીજા વાહનની ઠોકરને કારણે આ બનાવ બન્યો છે તે દિશામાં પણ તપાસ શરૂ કરાઈ છે. આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે શાપર વેરાવળની શાંતિધામ સોસાયટીમાં રહેતો અને પડદા બનાવવાની ફેક્ટરીમાં નોકરી કરતો દિવ્યેશ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૪) અને શાપરમાં રહેતો તેમજ ત્યાંની જ કુરિયર કંપનીમાં રહેતો મુળ કોટડાસાંગાણીના ગુંદાનર ગામનો અવિનાશ વનરાજભાઈ ચાવડા (ઉ.વ.૨૩) બાઈક પર રાત્રે ૧૦૩૦ વાગ્યા આસપાસ શાપરથી રાજકોટ જમવા માટે આવી રહ્યા હતા.

જો કે ગોંડલ રોડ ચોકડીથી અમદાવાદ તરફ જતા રસ્તા પર આવેલી રિદ્ધિ સિદ્ધિ સોસાયટીના નાલા નજીકના બ્રિજ પાસે અકસ્માત થતા બાઈક સ્લિપ થઈ ગયું હતું જેના કારણે બન્નેને માથામાં ગંભીર ઈજાઓ સાથે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા પરંતુ ચાલું સારવાર દરમિયાન જ બન્નેએ દમ તોડી દેતા ગમગીની વ્યાપી જવા પામી હતી. તપાસમાં જાણવા મળ્યા પ્રમાણે દિવ્યેશ બે ભાઈમાં નાનો અને અપરિણીત હોવાનું તેમજ તેના પિતા ગોવિંદભાઈ હયાત ને હોવાથી પરિવારની જવાબદારી પણ ભાઈ સાથે મળીને તે ઉઠાવી રહ્યો હતો. જ્યારે અવિનાશ ચાવડા પણ બે ભાઈમાં નાનો અને શાપરમાં જ કુરિયર કંપનીમાં નોકરી કરતો હોવાનું સામે આવ્યું હતું.

# ગુમ થયેલી ફઈ-ભત્રીજીના પ્રકરણમાં અપહરણની ફરિયાદ નોંધાય

### બે અજાણ્યા શખ્સો બંનેને રેસકોર્સથી કારમાં ઉપાડી જઈ હોટલમાં ગોંધી રાખ્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ વિસ્તારની અલ્કાપુરીમાં રહેતા વેપારી પરિવારની આઠ વર્ષની પુત્રી અને તેની ફઇ સમાહ પૂર્વે ભેદી સંજોગોમાં લાપતા થઈ ગયા બાદ ફઈ ભત્રીજી ઈન્દોર નજીકના ગામમાંથી મળી આવ્યા હતા. એનઆરઆઈ મહિલા અને ભત્રીજીનું બે અજાણ્યા શખ્સો રેસકોર્સમાંથી કારમાં અપહરણ કરી હોટલમાં ગોંધી રાખ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે.

આ અંગેની વિગતો મુજબ અલ્કાપુરીમાં રહેતા રિયાઝભાઈ ફિરોઝભાઈ માખાણીની આઠ વર્ષની પુત્રી અનાયા અને તેમના બહેન રીમાબેન ફિરોઝભાઇ માખાણી સપ્તાહ પૂર્વે ગત તા.૨૪ની રાત્રીના આઠેક વાગ્યે ઘરેથી નીકળ્યા હતા. રીમાબેન તેમના ભાઈની કાર ચલાવતા હતા અને ભત્રીજીને તેમાં બેસાડી હતી. પુત્રી અનાયા ફઈ રીમાબેન સાથે કારમાં આંટો મારવા ગઈ હશે તેવું પરિવારજનોને લાગ્યું હતું, પરંતુ લાંબો સમય વીતવા છતાં ફઈ ભત્રીજી પરત નહીં આવતાં માખાણી પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ફઈ ભત્રીજી ક્યાં છે અને શા માટે મોડું થયું તે જાણવા પરિવારના સભ્યોએ તે દિવસે ફોન કરતાં ફોન લાગ્યો હતો, પરંતુ ફોન રિસીવ થયો નહોતો અને ત્યારબાદ રીમાબેનનો મોબાઈલ સ્વિચ ઓફ થઇ ગયો હતો. માખાણી પરિવારે પોતાના સંબંધીઓને ત્યાં ફોન કરીને અનાયા અને રીમાબેન આવ્યા છે કે કેમ તે અંગેની તપાસ કરી હતી, પરંતુ તમામ સ્થળેથી આ બંને અંગે કોઈ માહિતી નહીં મળતાં માખાણી પરિવારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. છેલ્લા એક સપ્તાહથી ગુમ રીમા અને અનાયાના ગુમ થવા મામલે ક્રાઈમ બ્રાંચને તપાસમાં ઝંપલાવ્યું હતું જેમાં અનાયા અને રીમાબેન બન્ને ઈન્દોર તરફ હોવાની માહિતીને આધારે ઈન્દોરના બેતમાં પોલીસની મદદથી બન્નેને શોધી કાઢ્યા હતા. ક્રાઈમ બ્રાંચની તપાસ માં જાણવા મળ્યુંકે અનાયા અને રીમાબેન ગુમ થવામાં રીમાબેનના રાજકોટના એક મિત્રએ જ મદદ કરી હતી. રીમાબેનનું ભત્રીજીને લઇ ગુમ થવા પાછળનું સાચું કારણ ભાઈ પાસેથી રૂપિયા પડાવવાનું હતું કે અન્ય તે મામલે પુછપરછ હાથ ધરી હતી.

એનઆરઆઈ મહિલાએ પોલીસ દફ્તરે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ફઈ ભત્રીજીનું બે અજાણ્યા શખ્સો રેસકોર્સમાંથી કારમાં અપહરણ કર્યું હતું અને બેડી ચોકડી પાસે કાર બદલી ફઈ-ભત્રીજીને મોરબી સાઈડ લઈ ગયા બાદ ઈન્દોર લઈ જઈ હોટલમાં ગોંધી રાખ્યાનું જણાવ્યું હતું. પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે.

# કાલાવડમાં ૫.૯૪ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો, રાજકોટનું દંપતી ઝડપાયું

### ગ્રાહક બનીને આવેલી મહિલા સોનાનો ડબ્બો લઈ ફરાર; પોલીસે દંપતીના ૨ દિવસના રિમાન્ડ મેળવ્યા, મુખ્ય આરોપીની શોધખોળ ચાલુ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં એક સોની વેપારીની દુકાનમાંથી રૂ ૫.૯૪ લાખના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલાયો છે. કાલાવડ ટાઉન પોલીસે આ મામલે રાજકોટના એક દંપતીને ઝડપી પાડયું છે, જ્યારે મુખ્ય આરોપી મહિલા હજુ ફરાર છે.

ગયા અઠવાડિયે, કાલાવડના મુખ્ય બજારમાં આવેલ 'મંગલમ જ્વેલર્સ'ના માલિક જયેશકુમાર નવીનચંદ્ર ઝીંઝુવાડીયાની દુકાનમાં એક મહિલા ગ્રાહક બનીને આવી હતી. તેણે વેપારીની નજર ચૂકવીને કાઉન્ટર પર રાખેલો રૂ ૫,૯૩,૮૫૪ની કિંમતના સોનાના દાગીના ભરેલો એક પ્લાસ્ટિકનો ડબ્બો ચોરી લીધો હતો.

આ ઘટના બાદ, પોલીસ ઇન્સ્પેક્ટર એન. વી. આંબલીયા અને તેમની ટીમે તાત્કાલિક સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં ચોરી કરનાર મહિલાની ઓળખ રાજકોટની કિરણબેન પોપટભાઈ સોલંકી તરીકે થઈ હતી, જે હાલ ફરાર છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા કિરણબેનના પુત્ર કિશન નટુભાઈ સોલંકી અને તેની પત્ની પૂજાબેન કિશનભાઈ સોલંકીને ઝડપી પાડયા છે.

પોલીસે આરોપી દંપતી પાસેથી ૩ તોલા સોનું, રૂ ૧.૪૦ લાખની રોકડ, રૂ ૧૦,૦૦૦નો મોબાઈલ ફોન અને એક રીક્ષા સહિતનો ચોરાઉ મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, ચોરી કરતી વખતે મુખ્ય આરોપી કિરણબેન દુકાનની અંદર હતી, જ્યારે તેના પુત્ર અને પુત્રવધૂ બહાર રીક્ષામાં રાહ જોઈ રહ્યા હતા. ચોરી બાદ ત્રણેય રીક્ષામાં નાસી ગયા હતા. પોલીસે પકડાયેલા દંપતીના બે દિવસના રિમાન્ડ પણ મંજૂર કરાવ્યા છે. મુખ્ય આરોપી કિરણબેનને ઝડપી પાડવા માટે પોલીસ સઘન શોધખોળ ચલાવી રહી છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# વગડ ચોકડીપાસે નવનિર્મિત બિલ્ડીંગના સાતમા માળેથી પટકાતા શ્રમિકનું મોત

### લોઠડામાં ક્રેઇનની ઠોકરે ચડી જતા શ્રમિક યુવાનનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વગડ ચોકડી પાસે નવનિર્મિત બિલ્ડીંગમાં કડિયા કામ કરતો શ્રમિક યુવાન સાતમા માળેથી પગ લપસતા અકસ્માતે નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિઓજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ શહેરમાં વેગડ ચોકડી પાસે નવનિર્મિત બિલ્ડીંગની બાંધકામ સાઈટ પર સાતમા માળે કડિયા કામ કરતો કરમસિંગ જહુભાઈ મસાર નામનો ૧૯ વર્ષનો યુવાન અકસ્માતે નીચે પટકાયો હતો યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવૃત્તિ પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન મૂળ મધ્યપ્રદેશનો વતની હતો અને બે ભાઈ નાના હતો અને છેલ્લા છ મહિનાથી નવનિર્મિત બિલ્ડિંગમાં કડિયા કામ કરતો હતો અને સાતમા માળે કામ કરતો હતો ત્યારે પગ લપસતા નીચે પડી જતા મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બનાવમાં લઠડા ગામે આવેલ મહાદેવ કાસ્ટિંગ કંપનીમાં કામ કરતો અને પાછળ આવેલા ક્વાર્ટરમાં રહેતો મોહિત ઈન્દ્રજીતભાઈ વર્મા નામનો ૧૯ વર્ષનો યુવાન બપોરના બારેક વાગ્યાના અરસામાં જમવા જતો હતો ત્યારે હાઈડ્રોલિક ક્રેઈનના પાછળના વ્હિલમાં આવી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકના સ્ટાફે સિવિલ હોસ્પિટલ ખાતે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રીબડામાં પેટ્રોલપંપ ઉપર ફાયરીંગ કરનાર શાર્પ શુટર બેલડી સહિત ચાર ઝડપાયા

### રાજકોટ રૂરલ પોલીસે મુંબઈ અને આગ્રામાં ધામા નાખી ચારેયને હથિયાર સાથે ઝડપી લઈ ઓપરેશન પાર પાડયું







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગોંડલમાં ૨૪ જુલાઈએ રીબડા પેટ્રોલિયમની ઓફિસ ઉપર બે શખસો દ્વારા ફાયરિંગ થતા ખળભળાટ મચી ગયો. હતો. આ ઘટનાનો સીસીટીવી વીડિયો પણ સામે આવ્યો હતો. જોકે, હવે આ મામલે હાદિકસિંહ જાડેજા નામની વ્યક્તિએ સોશિયલ મીડિયા પર વીડિયો મૂકીને પોતે ફાયરિંગ કરાવ્યું હોવાની કબૂલાત કરી હતી. આ ચકચારી બનાવ બાદ યરિંગ કરનારા બંને આરોપીઓને પકડવા રાજકોટ ગ્રામ્ય પોલીસની અલગ અલગ ૪ ટીમો કામે લાગી હતી જેમાં અમદાવાદના એક સહીત ૪ ભાડુતીમારાઓને યુપીથી ઝડપી લેવાયા છે.આ મામલાનો સુત્રધાર હાદિકસિંહ હજુ ફરાર હોય તેની શોધખોળ શરુ કરી છે. હાદિકસિંહ જાડેજાએ સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કરીને ફાયરિંગની જવાબદારી લીધી હતી. જેમાં તેણે કબુલ્યું હતું કે, આ ફાયરિંગ તેણે જ કરાવ્યું છે. વીડિયો સામે આવતાની સાથે જ રાજકોટ રૂરલ એલસીબી, એસઓજી સહીતની ૪ થી વધુ ટીમોએ તપાસ શરુ કરી હતી.જે દરમ્યાન વિપુલ પ્રમાણમાં સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી તેમજ ટેકનીકલ સોર્સીસ અને હ્યુમન સોર્સીસથી માહિતી મેળવેલ દરમ્યાન હાદિકસિંહ જાડેજાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આ ફાયરીંગ પોતે માણસો મોકલી કરાવેલ હોવાનો વીડીયો પોસ્ટ કરેલ હોય જે પણ ધ્યાને લઇ ટેકનીકલ સોર્સીસ થી માહિતી મેળવી તપાસ કરતા આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ અન્ય રાજ્યમાં નાશી ગયેલ હોવાની માહિતી મળેલ હોય જેથી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી., એસ.ઓ.જી. તથા ગોંડલ તાલુકા પોલીસની અલગ અલગ ટીમો બનાવી મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઇ તથા ઉત્તરપ્રદેશ રાજ્યમા આગ્રા ખાતે તપાસમાં મોકલી આ ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓને મહારાષ્ટ્ર રાજ્યના મુંબઇ તથા ઉત્તરપ્રદેશ રાજ્યના આગ્રા ખાતેથી આ ગુન્હામાં ઉપયોગ કરેલ હથિયાર તથા મોટરસાયકલ સાથે પકડી પડયા હતા. પકડાયેલ શખ્સોમાં ઈરફાન ઉર્ફે સીપા મોહમદરઈસ કુરેશી (ઉ.વ.૩૨ રહે. અમદાવાદ, દાણીલીમડા, પાંચપીપળાની દરગાહ, આબાદનગરના છાપરા, દાણીલીમડા પોલીસ લાઇન સામે જી.અમદાવાદ. મુળ. બરેલી મટકી ચોકી વિસ્તાર જી.રાય બરેલી (ઉત્તરપ્રદેશ), અભિષેકકુમાર પવનકુમાર જીંદલ/અગ્રવાલ (ઉ.વ.૨૮ રહે. મુળ. નવી પોસ્ટ ઓફીસ સુરજગંજ સાદાબાદ જી.હાથરસ હાલ રહે. આગ્રા, સેકટર-૫ આવાસ વિકાસ કોલોની સીકંદરા બોડલા રોડ લક્ષ્મી પેલેસ પાસે આગ્રા (ઉત્તરપ્રદેશ), પ્રાન્સુકુમાર પવનકુમાર જીંદલ/અગ્રવાલ (ઉ.વ.૨૯) રહે. મુળ નવી પોસ્ટ ઓફીસ સુરજગંજ સાદાબાદ જી.હાથરસ હાલ, રહે. આગ્રા, સેકટર-૫ આવાસ વિકાસ કોલોની સીકંદરા બોડલા રોડ લક્ષ્મી પેલેસ પાસે આગ્રા (ઉત્તરપ્રદેશ) અને વિપીનકુમાર સ.ઓ. વિરેન્દ્રસીંગ જાટ (ઉ.વ.૨૬ રહે. નગલાકલી (સદાબાદ) મદકભોજ ઝડપી લીધા હતા.રાજકોટ રેન્જ રાજકોટ આઈજી અશોક કુમાર યાદવ સાથે જિલ્લાના પોલીસ અધિક્ષક હિંમકર સિંહ, ડીવાયએસપી સીમરન ભારદ્વાજ, ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બીના પી.આઈ વી.વી.ઓડેદરા તથા ગોંડલ તાલુકા પોલીસ મથકના પી.આઈ એ.ડી.પરમાર તથા એસ.ઓ.જી.ના પી.આઈ એફ.એ.પારગી, એલસીબીના પીએસઆઈ રાજકોટ એચ.સી.ગોહિલ, ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ રાજદિપસિંહ જાડેજા, ગ્રામ્ય એસ.ઓ.જી.ના પીએસઆઈ કે.એમ.ચાવડા સહીતના સ્ટાફે કામગીરી કરી હતી.

# પતિને મારવા મજબૂર કરવાના ગુનામાં પત્નીને નિર્દોષ મુક્ત કરતી અદાલત

### યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા મળી આવેલી સ્યુસાઇડ નોટના આધારે ગુનો નોંધાયોતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં પતિને મળવા મજબૂર કરવાના ગુનામાં સંડોવાયેલી પત્નીને ગોંડલ કોર્ટ દ્વારા નિર્દોષ મુક્ત કરતો હુકમ કરવામાં આવ્યો છે.

આ કેસની હકીકત મુજબ શાપરમાં રહેતા રવજીભાઈ ગીરધરભાઈ નાયકને તેની પત્ની સવિતાબેન નાયક છેલ્લા બાર વર્ષથી ખોટી રીતે નાની નાની બાબતમાં ઝઘડો કરી પરિવારમાં જવા આવવા દેતી ન હતી અને રવજીભાઈ નાયકની માતાનું અવસાન થતા તેની અંતિમ વિધિમાં પણ જવા દેવામાં આવ્યા ન હતા પત્નીના ત્રાસથી કંટાળી રવજીભાઈ નાયકે ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. મૃતક પાસેથી મળી આવેલી સુસાઇડ નોટના આધારે મૃતક રવજીભાઈ નાયકના ભાઈ રસિકભાઈ નાયકે શાપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે આરોપી સવિતાબેન નાયકની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવી હતી જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરવામાં આવ્યું હતું ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ ગોંડલ કોર્ટ દ્વારા પતિને મળવા મજબૂર કરવાના ગુનામાં પત્ની સવિતાબેન નાયકને નિર્દોષ મુક્ત કરતો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી વતી ગોંડલના યુવા એડવોકેટ આઈ.બી. જાડેજા અને પ્રશાંત સોલંકી રોકાયા હતા

# ઘંટેશ્વરના કરોડોના રાવળા હક્ક જમીન કૌભાંડમાં રેવન્યુ તલાટી સસ્પેન્ડ

### તત્કાલીન તલાટી મંત્રી નિલેશ વાઘેલાને ફરજ મોકૂફ કરતા જિલ્લા કલેક્ટર


**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘંટેશ્વરમાં બનાવટી રાવળા હક્ક હુકમોને આધારે ગામ નમૂના નંબર - ૨માં નોંધ પાડી કરોડોની સરકારી જમીન ખાનગી નામે ચડાવી દેવાના ચકચારી કૌભાંડમાં અંતે રાજકોટ જિલ્લા કલેક્ટર ઓમપ્રકાશે પટેશ્વરના તત્કાલીન રેવન્યુ તલાટી મંત્રી નિલેશ વાઘેલાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા હુકમ કર્યો છે. રાજકોટ તાલુકાના પટેશ્વર ગામની રાવળા હઠકની જમીન કબજા હકકમાં ફેરવવા અંગે પ્રાથમિક રીતે મામલતદારના બનાવટી હુકમો, દાખલ સર્ટીફિકેટની નકલો, મહેસુલ ભર્યાની પહોંચની પુરતી ચકાસણી કર્યા વિના માધાપર ગૃપના તત્કાલીન મહેસૂલી તલાટી નિલેશ એલ. વાઘેલાએ ગામ નમુના નં.૨ માં નોંધો દાખલ કરી હતી. આ નોંધો અંગેના કોઈ હુકમો મામલતદાર દ્વારા કરવામાં આવેલ ન હોવાની બાબત ધ્યાને આવતાં મામલતદાર રાજકોટ તાલુકા દ્વારા આ નોંધો રદ કરવામાં આવી હતી.

આમ, પ્રાથમિક રીતે નિલેશ એલ. વાઘેલાએ ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ દાખવેલ હોવાનું જણાયેલ હોઇ તેઓને કલેક્ટર રાજકોટ દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા હુકમ કરાયો છે.

# RMC સંચાલિત ગાંધી મ્યુઝિયમના મેનેજરે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### હરિકૃષ્ણ હાઈટ્સ એપાર્ટમેન્ટમાં ભરેલું અંતિમ પગલુંઃ પરિવારમાં કરુણ કલ્પાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને જયુબેલી ચોકમાં આવેલા મહાત્મા ગાંધી મ્યુઝિયમના મેનેજર તરીકે નોકરી કરતા યુવકે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લીધો હોવાની પરિવારએ ૧૦૮ને જાણ કરતા ઈએમટી સહિતનાએ તપાસી મૃત જાહેર કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી કયાં કારણોસર પગલું ભર્યું તે જાણવા તપાસ યથાવત રાખી છે.

ગાંધીગ્રામ હરિકૃષ્ણ હાઈટ્સ એપાર્ટમેન્ટ બી વીંગ ૧૦૧માં રહેતા દેવલભાઈ રમેશભાઈ બારીયા ઉ.૪૧એ પોતાના ઘરે પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની પરિવારએ તાકિદે ૧૦૮ને જાણ કરતા ઈએમટી સહિતનો સ્ટાફ દોડી જઈ યુવકને તપાસી મૃત જાહેર કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા એએસઆઈ ગોસાઈ, હેડ કોન્સટેબલ મયુરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરતા મૃતક બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતા.સંતાનમાં એક પુત્ર છે. અને મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા.કયાં કારણોસર યુવકે પગલું ભર્યું તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી છે.